Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

જૈનધર્મ પ્રકાશ.

शार्दूलविक्रीडितम्.

पूजामाचरतां जगत्त्रयपतेः संघार्चनं कुर्वतां ।
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ॥
सद्दानं ददतां तपश्च चरतां सत्त्वानुकंपाकृतां ।
येषां यांति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥१॥

" જે પુણ્યાત્માઓના દિવસો ત્રિજગત્પતિ જિનેશ્વરની પૂજા કરતાં, સંઘનું સેવન કરતાં, તીર્થોનું વંદન કરતાં, જિનવાણી સાંભળતાં, સુપાત્રદાન આપતાં, તપસ્યા તપતાં અને પ્રાણીઓપર અનુકંપા કરતાં વ્યતીત થાય છે તેમનો જન્મ સફળ છે. "

પુસ્તક ૩૨ મું. પોસ. સંવત ૧૯૭૨. વીરસંવત ૨૪૪૨. અંક ૧૦ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ મન-મર્કટને ઉપાલંભ. ... ૩૦૧
૨ અભીષ્ટ-યાચના. ૩૦૨
૩ દાન ધર્મ. ૩૦૩
૪ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર દોષ આશ્રી સમજ. ૩૦૫
૫ પ્રમાદાચરણ. ૩૦૭
૬ સદ્બોધ વચનમાળા. ... ૩૦૮
૭ જૈનધર્મની કેટલીક શાસ્ત્રોક્ત પ્રવૃત્તિઓ અને તેની સાથે તંદુરસ્તીનો ગાઢ સંબંધ. ... ૩૧૦
૮ અહિંસા પરમો ધર્મઃ ... ૩૧૪
૯ ગુંજા સુવર્ણ સંવાદ. ... ૩૨૬
૧૦ દારિદ્ર્ય પદ્મા-સંવાદ. ... ૩૨૭
૧૧ જૈનશાળા શિક્ષણક્રમ. ... ૩૩૦

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

વાર્ષિક મુલ્ય રૂા. ૧) પોસ્ટેજ રૂા. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશાશ્રીમાળી હિતેચ્છુ (માસિક).

આ માસિકના પ્રથમ વર્ષના ત્રણ અંક ભેગા બહાર પડ્યા છે. તેની એક નકલ રીવ્યુ માટે મળતાં તેનું અવલોકન કરવામાં આવ્યું છે, માસિકની અંદર તે જ્ઞાતિના બે મુખ્ય અને જાહેર પુરૂષોના ફોટા આપવામાં આવ્યા છે. લેખો પણ ઉપયોગી દાખલ કર્યા છે. જ્ઞાતિના હિતમાટે ખાસ ઉપયોગી છે. દરેક જ્ઞાતિબંધુએ તેને સહાય આપવા લાયક છે. વાર્ષિક મૂલ્ય પોસ્ટેજ સાથે માત્ર રૂ. ૧) રાખવામાં આવેલ છે તે વિશેષ નથી. તંત્રી મી. મોહનલાલ નાગજીભાઇ ઉત્સાહી છે. તેમનો પ્રયત્ન પ્રશંસાપાત્ર છે. દરેક જ્ઞાતિ માટે આવા પત્રની આવશ્યકતા છે. મંગાવવા ઇચ્છનારે બોરાજી તંત્રી ઉપર લખવું.

શ્રી પરલોક પ્રકાશ.

આ મોરબીના સદ્‌ગત ઝવેરી મોણશી અમુલખના સ્મરણાર્થે વગર મૂલ્યે આપવા માટે છપાવેલી બુકની એક નકલ અભિપ્રાયાર્થે મળી છે. તેનું અવલોકન કરતાં તે રાજકોટ નિવાસી ઉત્સાહી ગૃહસ્થ પોપટલાલ કેવલચંદે તેમની સ્વ. બહેનના પ્રયત્નને વિશેષ ઉપયોગી બનાવવા માટે વિસ્તારથી લખેલી છે. તેના બે વિભાગ છે. પ્રથમ ભાગ શોક શમન નામનો છે. તે મૃત્યુબાદ બેસણા પ્રસંગે વાંચવાના હેતુથી લખેલો છે તે વધારે વિસ્તારમાં છે. બીજો ભાગ મૃત્યુ સુધારસ નામનો મૃત્યુ પથારીએ સુતેલા મનુષ્ય પાસે વાંચવા યોગ્ય લખેલો છે. લેખકે પ્રયત્ન સારો કર્યો છે. બુક ઉપયોગી બહાર પાડવામાં આવી છે. વાંચનારને વૈરાગ્ય ઉત્પન્ન કરે તેવી છે. કિંમત રાખવામાં આવી નથી. પરંતુ ઓછામાં ઓછું પાંચવાર વાંચી સંભળાવવાની સરતે પોસ્ટેજ માટે એક આનો ઝવેરી દુર્લભજી ત્રી. ઉપર મોકલવાથી ભેટ મળી શકશે.

ગ્રાહકોને નવી ભેટ

ચાલુ વર્ષને માટે ભેટ આપવાના સંબંધમાં નિર્ણય કરવામાં આવ્યો છે. શ્રી યુગાદિ દેશના ભાષાંતર ભેટ આપવાનું ઠરાવ્યું છે. આ મૂળ ગ્રંથ ૨૪૦૦ શ્લોક પ્રમાણ છે. અત્યંત રસીક હોવા સાથે ઉપદેશક પણ છે. તેનું ભાષાંતર કરવામાં આવ્યું છે. બાઇંડીંગ પણ સારૂં કરાવવા ધારણા છે બુક હાલ છપાય છે. આ બુકનો કુલ ખર્ચ ગણતાં તેટલો ખર્ચ એક વર્ષની ભેટપર ઠરી શકાય તેમ ન હોવાથી (માસિકમાંથી તેના અંકનું ખર્ચ પણ પૂરૂં નીકળતું ન હોવાથી) આ ભેટ બે વર્ષ માટે ભેળી (કુવલયમાળા ભાષાંતરની જેમ) ઠરાવવામાં આવેલ છે. તે કેટલ માસમાં—નવા વર્ષમાં ભેટ મોકલવામાં આવશે, કારણ કે છપાઈ બાઇંડીંગને ત્યારેજ તૈયાર થઈ શકે તેમ છે. આ સિવાય બીજી પણ એકાદ નાની ભેટ બે વર્ષની ભેળી ભેટ તરીકે આપવા ધારણા છે, તે હવે પછી પ્રગટ કરશું. ગ્રાહકોએ લવાજમ મોકલવાનું સ્મરણમાં રાખવું. આ બુકનો લાભ લવાજમ મોકલનારનેજ મળી શકશે એટલું ધ્યાનમાં રાખવું. લવાજમ મોડું પણ આપવું પડશે પણ પછી ભેટનો લાભ નહીં મળી શકે તે ભૂલી ન જવું. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री जैन धर्म प्रकाश.

तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या भद्रकभव्यमिथ्यादृष्टयो जीवा निश्चिन्वन्ति तेषां भगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तदुपदेशेनावाप्तशुभवासनाविशेषाः सन्तो धनविषयगृद्धिप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यभावं, रञ्जयति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन । उपमितिभवप्रपंचा कथा.

" આ પ્રમાણે સન્મુનિનાં વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પૂછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને (માતપિતાદિકને) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેમને ગૃહસ્થાશ્રમને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો (બંને પ્રકારનો) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે છે—અંગીકાર કરાવે છે. "

પુસ્તક ૩૧ મું. પોસ. સંવત ૧૯૭૨. વીર સંવત ૨૪૪૨. અંક ૧૦ મો.

मन—मर्कटने उपालंभ.

(રાગ દરબારી—કહાનરો.)

મન મર્કટ શાને સતાવે? (૨)
નવ નવ રસ આસક્ત બની તું, શિદ મુજને ભટકાવે? મન૦
ઈચ્છિત અર્પણ કરતાં બહુધા, તૃપ્તિ ન તું દર્શાવે. મન૦
કષ્ટ સહસ્ત્ર સહ્યાં તુજ માટે, રતિભર રહેમ ન લાવે. મન૦
પ્રભુપદમાં નવ પ્રેમ ધરે તું, વૃથા ભાર ઉપડાવે. મન૦
ચતુર છતાં ચંચળ થઈ ચૂકે, અધર રહી લટકાવે. મન૦
ભૂખ ન ભાંગે ભીખ માગતાં, રત્ન રંગ જો આવે મન૦

રત્નસિંહ—દુમરાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अभीष्ट—याचना.

(કવ્વાલી યા ભૈરવી ગઝલમાં.)

વિભો ! મહાનંદ પદદાતા, સકલ જગજંતુના ત્રાતા;
ભ્રમિત ભયભીતના ભ્રાતા, હવે અમને બચાવોને. ૧.
કરી ના આપની ભક્તિ, હતી અંતર છતી શક્તિ;
જણાવી યોગની યુક્તિ, હવે અમને જગાવોને. ૨.
સુધાસમ આપની વાણી, તજી પીધું લવણ પાણી;
મતિ થઈ મંદ મુંઝાણી, (તેની) દવા અમને બતાવોને. ૩.
સુગમ સન્માર્ગને ત્યાગી, ભમ્યા ભવમાં કુમતિ જાગી;
સુમતિની સેજના રાગી, અમોને તે અપાવોને. ૪.
નજરથી ના જરી જોયું, કમાયું તે બધું ખોયું;
મસીથી શ્વેત મુખ ધોયું, હવે બાજી પતાવોને. ૫.
અવર શી યાચના કરવી ?, તમારી આણ શિર ધરવી;
અને મુક્તિવધૂ વરવી, દઈ અમને દિપાવોને. ૬.

રત્નસિંહ-દુમરાકર.

दान धर्म.

(લેખક—સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી.)

'કિં અમૂલ્ય ? યદ્ અવસરે દત્તમ્'—શિષ્ય ગુરૂને પ્રશ્ન પૂછે છે કે 'મહારાજ ! અમૂલ્ય શું છે ?' ગુરૂ મહારાજ તેનો ઉત્તર આપે છે કે 'હે વત્સ ! જે કંઈ દેવા યોગ્ય વસ્તુ ખરે અવસરે અપાય છે તે.' શિષ્ય બીજો પ્રશ્ન પૂછે છે કે 'મહારાજ ! ખરૂં—વાસ્તવિક દાન કયું ? ગુરૂ મહારાજ કહે છે કે 'જે નિઃસ્વાર્થપણે નિઃસ્પૃહી મહાત્માને નમ્ર ભાવે અપાય તે.' એવું દાનજ ચિન્તામણિ રત્નની જેવું અમૂલ્ય છે. યદ્યપિ દાન બહુ પ્રકારનું કહેલું છે, પણ તેના મુખ્ય પાંચ પ્રકાર છે. ૧ અભયદાન, ૨ સુપાત્રદાન, ૩ અનુકંપાદાન, ૪ ઉચિતદાન ૫ કીર્તિદાન. એ પાંચમાં પ્રથમના બે પ્રકાર મોક્ષફળદાયી અને પાછલા ત્રણ પ્રકાર ભોગફળદાયી થાય છે. સાધ્ય દૃષ્ટિ થાય તો એ બધા પ્રકાર સફળ થઈ શકે છે. પાંચ પ્રકારનું વીવરણ કરે છે.

૧. બહાર પ્રતીત થતા દ્રવ્ય પ્રાણ મરણ—સંકટમાં આવી પડયાં હોય તેમને ઉચિત સહાય આપી બચાવવા—ભયમુક્ત કરવા તે દ્રવ્ય અભયદાન જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રશંસાપાત્ર લેખાય છે તેમ જ્ઞાન દર્શન અને ચારિત્રાત્મક ભાવપ્રાણ જે વ્યક્તિગત (દરેક દરેકને) સત્તારૂપે વિદ્યમાન છતાં કર્મનાં ઘાટાં આવરણોથી અવરાઈ ગયેલાં દેખાય છે તે નિજનિજ ભાવપ્રાણોનું સારી રીતે ભાન થાય, તેની દ્રઢ પ્રતીતિ થાય અને દટાયલા રત્ન નિધાનની જેવા તે ભાવપ્રાણને પ્રગટ કરવા પ્રબળ પુરૂષાર્થ પ્રેરાય એવા અમૃતમય ઉપદેશવડે નિર્મળ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર ધર્મની પ્રાપ્તિ કરાવાય તે **ભાવ અભયદાન** ખરેખર પ્રશંસાપાત્ર છે.

૨. સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર ધર્મને સારી રીતે પ્રમાદ રહિત સેવનારા સાધુજનો સુપાત્ર લેખાય છે. તેમને સંયમ નિર્વાહ અર્થેજ નિર્દોષ આહાર પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ ભેષજ અને નિવાસસ્થાન પ્રમુખ વસ્તુ ભક્તિભાવથી ઉલ્લસિત પરિણામે નિઃસ્વાર્થપણે આપવાં તેમ જ્ઞાનાદિકના સાધન પૂરા પાડી આપવાં તે **સુપાત્રદાન** ખરેખર પ્રશંસાપાત્ર છે.

૩. એ ઉપરાંત કોઇ દીન દુઃખી, અનાથ, અપંગ, અંધ, લૂલા પ્રાણીઓ કે જેઓ સ્વતઃ સ્વઆજીવિકા ચલાવવા અસમર્થ હોય તેમને દયાર્દ્રભાવથી યોગ્ય સહાય આપી રક્ષવા તન, મન, ધનથી બનતી કોશીશ કરવી તે **દ્રવ્ય અનુકંપાનો** પણ ક્યાંય નિષેધ કરેલો નથી. બાકી શરીરે રૂષ્ટપુષ્ટ છતાં હિંસાદિક અધર્મ આચરનારને નકામા પોષવા એ અસતીપોષણરૂપ દોષ લેખાય છે. અને પરમહિતબુદ્ધિથી યોગ્ય જીવોને પવિત્ર ધર્મમાં જોડી જે ઉચિત સહાય અપાય તે **ભાવ અનુકંપા** લેખાય છે. **પરમાર્થ બુદ્ધિથીજ કરેલી દ્રવ્ય ભાવ અનુકંપા ઉત્તમ** લાભ **ભણી થાય છે** એ સ્પષ્ટ વાત છે.

૪. પોતાના સીદાતા સ્વજનાદિકને યોગ્ય સહાયવડે ઉદ્ધરવા તે **ઉચિતદાન** કહેવાય છે. ઉચિત દાનવડે યશવાદ પમાય છે અને જો **પરમાર્થ દૃષ્ટિથી ઉચિત દાન દેવામાં આવે છે** તો તેથી અગણિત લાભ પમાય છે. પરંતુ જો જરૂરી પ્રસંગે પણ ઉચિતતા સાચવવાનો અનાદર કરાય છે તો તેથી લોકાપવાદ પ્રમુખ વિઘ્ન ઉભાં થવા પામે છે, તેથી તેની વ્યવહારાદિ પ્રસંગે ઉપેક્ષા કરવી ઘટતી નથી. તેવે પ્રસંગે ઉંચો ઉદ્દેશ રાખવાથી અધિક હિત થઇ શકે છે.

૫. સ્વયશોગાન કરનારા ભાટ ચારણાદિને યશ કીર્તિની ખાતર આપવું તે **કીર્તિદાન** કહેવાય છે; પરંતુ જો તેમને પણ પવિત્ર દેવ ગુરૂ ધર્મના ગુણગાન કરાવવાના હેતુથી શાસનની ઉન્નતિને માટેજ અપાય તો તેથી બહુ સારો લાભ બાંધી શકાય છે. સામાન્ય રીતે દાનાદિ પ્રસંગે પાત્રાપાત્રનો વિવેક રાખવો જરૂરનો છે. જુઓ ! ગાયને અસાર તૃણખલાં નીરવામાં આવે છે તોપણ તે બદલામાં અમૃત જેવું મીઠું દુધ આપે છે અને સર્પને અમૃત જેવું મીઠું દુધ પાવામાં આવે છે તો ઉલટો ડંશ દઇને મારેછે. **દાન પ્રસંગે જો ચિત્ત, વિત્ત અને**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાત્ર એ ત્રિપુટીનો યોગ મળી જાય તો તેથી અનહદ લાભ થાય છે. નિર્મળ મન પરિણામથી ન્યાયોપાર્જિત દ્રવ્યવડે જો સુપાત્રને પોષાય છે: તો તેથી આનાથી નિર્મળ જ્ઞાનાદિક ગુણોની રક્ષા અને પુષ્ટિ થવા પામે છે અને એવા ઉત્તમ ગુણોની અનુમોદનાથી દાતાની હૃદયભૂમિમાં એ ઉત્તમ ગુણોનાં બીજ વવાય છે, જેને નિરંતર શુભ ભાવનારસનું સિંચન મળવાથી તેવાજ ઉત્તમ ગુણરૂપે પ્રગટી નીકળે છે.

ઉક્ત દાન ન્યાયદ્રવ્યવડે સુપાત્રને દેતાં દીલમાં પ્રમોદ પ્રગટે છે, રોમાંચ ખડાં થાય છે, તેમના ગુણ પ્રત્યે બહુમાન જાગે છે, વારંવાર એ પુન્ય પ્રસંગની અનુમોદના થયાં કરે છે અને તેમના પવિત્ર માર્ગ યથાશકિત અનુસરાય છે એ વિગેરે ઉત્તમ દાનનાં ભૂષણ લેખાય છે.

આ પ્રસંગે **શ્રીબળભદ્ર મુનિ**, દાનગુણની અનુમોદના કરનાર **મૃગ** અને દાન દેનાર **રથકાર**નું દ્રષ્ટાંત મનન કરવા યોગ્ય છે. આવી પવિત્ર કરણી કરનાર, કરાવનાર અને અનુમોદનારને કેવો અતુલ લાભ થવા પામે છે તે ઉપર આ દ્રષ્ટાંત સારી રીતે લાગુ પડતું છે; અને એ રીતે બીજી દરેક ધર્મ કરણી પ્રસંગે સમજી લેવાનું છે. સદ્‌ભાવથી કરાયેલું–દેવાયેલું દાન બહુ લાભદાયી થાય છે. કહ્યું છે કે ' વ્યાજે દેવાથી દ્રવ્ય બમણું થાય, વ્યાપારમાં ફેરવવાથી ચોગણું થાય, ક્ષેત્રમાં વાવવાથી સોગણું થાય, પણ જો એ વિવેકથી સુપાત્રમાં દીધું હોય તો અનંતગણું ફળ આપી શકે છે. અને પૂર્વ પુન્યયોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મી એ રીતેજ લેખે થાય છે. લક્ષ્મીની સામાન્ય રીતે ત્રણ ગતિ ગણી છે. ૧ દાન ૨ ભોગ અને ૩ નાશ. તે જો દાન દેવામાં કે ભોગમાં વપરાતી નથી તો છેવટે તેનો વિનાશ થાય છે. ભોગમાં વાપરવાથી કંઈ પરમાર્થ સધાતો નથી, પણ પાત્ર–સુપાત્રમાં આપવાથી તો ઘણો પરમાર્થ સધાઇ શકે છે. એમ સમજી દ્રવ્યનો સદ્‌વ્યય કરવા જરૂર લક્ષ રાખવું ઘટે છે. સૂક્તમુક્તાવળીકારે કહ્યું છે કે:—

થિર નહિ ધન રાખ્યો, તેમ નાંખ્યો ન જાયે,
ક્ષીણ પરે ધન જોતાં, એક ગત્યા જણાયે;
કહુ સુગુણ સુપાત્રે, જેહ દે ભક્તિભાવે
નિધિ જિસ ધન આગે, સાથ તે ફીજ આવે. ૧
નળ બળી હરિચંદા, ભોજ જે જે ગવાયે,
પ્રહ સમય સદા તે, દાન કેરે પસાયે;
ઇમિ હૃદય વિમાસી, સર્વથા દાન દીજે,
ધન સફળ કરીજે, જન્મનો લાહ લીજે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જો પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો લાહો લેવોજ હોય તો તેનો વિવેકથી સદ્વ્યય કરવા પૂરતું લક્ષ રાખવું. જ્યાં સુધી પુન્યસંયોગ હોય છે ત્યાં સુધીજ લક્ષ્મી પાસે રહે છે પછી તો જાણે તે પગ કરીને નાસી જાય છે. જ્યાં સુધી પુન્ય-પ્રબળ હોય ત્યાં સુધી ગમે તેટલી લક્ષ્મીનો સદુપયોગ કરાય તોપણ તે ખુટતી નથી; એમ આપણે અનેક ઉત્તમ ચરિત્રોના આધારે જાણી શકીએ છીએ. જેમ પાતાળી કુવામાંથી ગમે તેટલું પાણી વપરાશમાં લેવાય તોપણ તે ખુટતુંજ નથી તેમ પ્રબળ પુન્યવંતની પુષ્કળ લક્ષ્મી વપરાતાં છતાં પણ અખૂટ રહી શકે છે. આ હકીકત આપણને સ્પષ્ટપણે સમજી શકાય એવી છે તોપણ કૃપણ લોકો કૃપણતા દોષથી પ્રાપ્ત લક્ષ્મીનો કશો સદુપયોગ કરી શકતા નથી. તેઓ કેવળ તેની ચોકી કરવાનેજ સર્જાયેલ હોય તેમ વર્તે છે. તેઓ બાંધી મુઠીએ આવ્યા છતાં બાપડા ખાલી હાથે (કહો કે હાથ ઘસતા) પરલોક સિધાવે છે. પછી તેમને ત્યાં કોઇ ત્રાણ શરણ કે આધાર મળતો નથી. **જેવી મતિ તેવી ગતિ થાય છે.** પૂર્વે છતી ઋદ્ધિએ કશું કરી શકયા નથી તેથી અન્ય જન્મમાં દુઃખ-દરિદ્રતા પામે છે અને ત્યાં પણ એમજ ભવ પૂરો કરીને ભવચક્રમાં ભમ્યા કરે છે. લક્ષ્મી પામીને પોતાનો હાથ ઠારનાર સર્વત્ર સુખીજ થાય છે.

ઇતિશમ્.

अतिक्रम, व्यतिक्रम, अतिचार अने अनाचार दोष आश्री समज.

ક્ષમાદિક દશવિધ યતિધર્મને ધારનારા નિગ્રંથ સાધુજનોને સંયમ નિર્વાહાર્થે આજ્ઞા કરાયેલ નિર્દોષ અહારપાણી પ્રમુખથી વિપરીત એવા સદોષ (કૃત, કારિત કે અનુમોદિત) આહાર પાણી પ્રમુખ લેવા કોઇ સાગારી (ગૃહસ્થ) નિમંત્રણ કરે, તે **અકલ્પનિક** (સાધુને ન કલ્પે એમ) જાણ્યા છતાં તેનો નિષેધ નહિ કરતાં જો સાધુ સાંભળી રહે તો તે પ્રથમ **અતિક્રમ દોષ** જાણવો. તે સદોષ આહાર પ્રમુખ લેવા માટે ગમન કરે તો તે **વ્યતિક્રમ** દોષ. એ સદોષ આહાર પ્રમુખ અંગીકાર કરી લેતાં **અતિચાર** દોષ અને એવો સદોષ આહારાદિક લાવીને વાપરતાં સાધુજનોને **અનાચાર** દોષ લાગે છે. **શાસ્ત્રનીતિથી વિરૂદ્ધ રીતે સદોષ આહારાદિક લઇને વાપરતાં સાધુજનોની બુદ્ધિ બગડે છે અને સંયમ માર્ગથી ચૂકે છે, તેમ ગૃહસ્થજનો** પણ ન્યાય-નિતિ યા પ્રમાણિકપણાનો અનાદર કરી **અન્યાય-અનીતિ** યા **અ-પ્રમાણિકતા આદરે છે** તો તેઓ **માર્ગભ્રષ્ટ થઇને સ્વપરહિતમાં ભારે હાનિ કરે છે.** આ રીતે ગૃહસ્થને દ્રવ્ય ઉપાર્જન કરવા માટે શાસ્ત્રકારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે ન્યાય નીતિ અને પ્રમાણિકપણાનો માર્ગ આદરવાનું ફરમાવેલ છે. તેને બદલે ઉલટે માર્ગે દ્રવ્ય ઉપાર્જન કરવા યા કરાવવા વિચાર કરશે તે પ્રથમ અતિક્રમ દોષ જાણવો. ન્યાય-નીતિથી ઉલટે માર્ગે પ્રવૃત્તિ કરવી તે **વ્યતિક્રમ** દોષ જાણવો. અપ્રમાણિકપણે દ્રવ્ય ઉપાર્જન કરી લેવું તે અતિચાર દોષ જાણવો અને એવા અન્યાય દ્રવ્યથી સુખ સમૃદ્ધિ પામ્યાનો દંભ (ડોળ) કરી આનંદ માનવો-તેવું દ્રવ્ય ખાઇ ખવરાવી ખોટી મજા માનવી એ ઉપર સુજ્ઞ વિચાર કરી જોતાં અનાચાર દોષ દેખાય છે. ઉક્ત સકળ દોષ સારી રીતે સમજીને તજવા લાયક છે. એ સઘળા દોષ તજવાથીજ સ્વહિત ઉપરાંત પરહિત પણ કરી શકાય છે. **શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વર** ધર્મબિંદુ ગ્રંથમાં માર્ગાનુસારીપણાના ૩૫ ગુણમાં મુખ્યપણે ન્યાયોપાર્જિત દ્રવ્યનેજ વખાણે છે. તેઓશ્રી પવિત્ર શાસ્ત્રાધારથી ફરમાવે છે કે ' દ્રવ્યને ઉપાર્જન કરવાનો સત્ય અને સરલ રસ્તોજ ન્યાય-નીતિનો છે, એટલુંજ નહિ પણ ઉપાર્જન કરેલાં દ્રવ્યને ટકાવી રાખવાનો પણ એજ અકસીર ઉપાય છે.' તે વાત નિઃસંશય જાણવી. અનીતિનું દ્રવ્ય અલ્પકાળમાંજ અનેક માર્ગે નાશ પામી જાય છે. જ્યાંસુધી તે પાસે હોય છે ત્યાંસુધી બુદ્ધિ અસ્થિર અને મલીન રહ્યા કરે છે. નિર્ભયપણે તેનો ભોગવટો કરી શકાતો નથી. તેમજ નિર્માલ્ય-બગડેલાં ધાન્યની પેરે તે સારાં ધર્મક્ષેત્રમાં વાવ્યું છતું પણ ઉગી નીકળતું નથી, અર્થાત્ અફળ જાય છે. વળી ગમે તેટલો પ્રયાસ અનીતિને માર્ગે કર્યા છતાં પણ જે કંઈ પુન્યમાં મંડાયું ન હોય તે કોઇને કદાપિ પણ મળતુંજ નથી; તો પછી પુન્ય ઉપર વિશ્વાસજ રાખી ન્યાય-નીતિનેજ માટે પ્રયાસ શામાટે ન કરવો ? જેથી બુદ્ધિમાં સુધારો વધારો થવા પામે, નિર્ભયપણે તે ભોગવી શકાય અને સદ્બીજની પેરે શુભ ક્ષેત્રમાં વાવ્યું છતું તે અનેક ગુણા લાભને મેળવી આપે. આ પ્રથમ ગુણ વગર બીજા ગુણ માટેની આશા રાખવી નકામી છે, અને આ ગુણવાળો બીજા અનેક ગુણોને સુખે મેળવી શકે છે. એકે વખત એવો નથી કે જ્યારે આ અમૂલ્ય ગુણ વગર ચલાવી લેવાય. પ્રથમ બહુ લાંબા વખત આપણી જૈનકોમની જે જાહોજલાલી સંભળાય છે તે આ ન્યાયદ્રવ્ય પ્રમુખ ઉત્તમ ગુણોનેજ આભારી છે અને અત્યારે કોમની જે માઠી દશા દેખાય છે તે ઉક્ત ગુણને આભાવેજ છે એમ સમજીને હવે તો કંઇ ચેતો ! જાગૃત થાઓ ! **ઇતિશમ્**

સુ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्रमादाचरण.

અત્ર પ્રસંગે **પ્રમાદ** શબ્દ વિશાળ અર્થ વાચક સમજવાનો છે. સ્વછંદ વર્તન અથવા મોકળું મ્હાલવું એ એનો સંક્ષેપથી અર્થ થાય છે. તેના સામાન્ય પાંચ પ્રકાર કહ્યા છે. તેમાં મદ-નીશો ઉત્પન્ન કરે એવા માદક પદાર્થોનું સેવન કરવું તે **મદ** નામનો (Intoxication) પ્રમાદ કહેવાય છે. સ્પર્શનાદિક પાંચ ઈન્દ્રિયોના વિવિધ વિષયોમાં રક્ત-આસક્ત થઈ જવું. સાનુકુળ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં મુંઝાઈ જવું, પોતાનું કર્તવ્યભાન ભૂલી જવું તે **વિષય** નામનો બીજો (Sensual Appetite) પ્રમાદ લેખાય છે. એમાંના એક એક ઇંદ્રિયના વિષયમાં મુંઝાઈ જવાથી પતંગીયા, ભમરા, માછલા, હાથી, અને હરણીયા બાપડા પ્રાણાંત દુઃખ પામે છે, તો પછી પાંચે ઇંદ્રિયોના વિષયોમાં ફસી પડેલા-આસક્ત બનેલા બાપડા જીવોના કેવા બેહાલ થાય તે સુજ્ઞ જનોએ વિચારવા લાયક વાત છે. પતંગીયાદિકના દ્રવ્યપ્રાણનો ક્ષય થાય છે, ત્યારે જે વ્રતધારી સાધુ કે શ્રાવક ઉક્ત વિષયોમાં આસક્ત થઈ જાય છે તે પોતાના વ્રત નિયમાદિ રૂપ ભાવ પ્રાણનો પણ ક્ષય કરી નાખે છે. ગમે તેટલો સ્વાર્થભોગ આપીને પણ સુજ્ઞ જનો જે ભાવપ્રાણની રક્ષા અને પુષ્ટિ કરે છે તે ભાવપ્રાણનો ક્ષણિક -તુચ્છ વિષય સુખની ખાતર ક્ષય કરી નાંખનારા કેવા આત્મદ્રોહી (આત્મહત્યારા) અને ધર્મદ્રોહીપણાના ઉપનામને પામે છે ? તે સમજીને સત્ય વાસ્તવિક સુખના અર્થીજનોએ તેવાં તુચ્છ વિષય સુખની ખાતર પોતાનાં પવિત્ર વ્રત નિયમનો ભંગ કરવો ન જોઈએ.

વિષયાસક્તિથી અત્ર પણ પ્રગટપણે વિવિધ રોગાદિકનો ભોગ થઇ પડવું પડે છે, પરંતુ તે તો ભવાન્તરમાં થનારાં અનંત દુઃખની કેવળ વાનકીરૂપજ છે; બાકી એથી બહુગુણાં દુઃખ હવે પછીના ભવોમાં ભોગવવાં પડે છે, તે ભોગવ્યા વગર તેનો છુટકો થતો નથી. ક્રોધાદિક કષાયને વશ થઇ આર્ત્ત રૌદ્ર ધ્યાન ધરવું, મહા માઠા મલીન અધ્યવસાયથી અન્ય જનોનું અહિત ચિન્તવવું અને અહિત કરવા પ્રવર્તવું તે ત્રીજો **કષાય** નામનો (Anger-pride etc) પ્રમાદ લેખાય છે. કંઇપણ સદ્‌ઉદ્યમ કરવા શક્ત છતાં કેવળ આળસુ-એદી જેવા થઇ સુસ્તપણે બેઠા યા સૂઇ રહેવું તે **નિદ્રા** નામનો ચોથો પ્રમાદ (Idleness) ગણાય છે, અને સત્ કથા કરવાને બદલે નકામી વાતો, કુથલીઓ કે જેથી સ્વહિત કે પરહિત લગારે નહીં થતાં ઉલટું પારાવાર અહિત થવા પામે એવી વિકથાઓજ કરવામાં પોતાનો અમૂલ્ય વખત વીતાવવો તેને **વિકથા** (False Gossips) નામનો પાંચમો પ્રમાદ કહેવામાં આવે છે. આ પાંચે પ્રકારના પ્રમાદ જીવને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસારમાં રઝળાવે છે. તેથી જેમ બને તેમ ચીવટ રાખીને ઉક્ત પ્રમાદાચરણથી અળગા રહેવું જોઇએ. જેમ કાંટાવડે કાંટો દૂર કરી–કાઢી શકાય છે તેમ જો પ્રશસ્ત રાગવડે શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પ્રત્યે પ્રેમ જગાડી યોગ્ય ક્રિયા અનુષ્ઠાન કરવામાં આવે તો તેથી ખોટી અહંતા અને મમતા ઓછી થઇ અનુક્રમે તે નિર્મળ થવા પામે છે એમ સમજીને દુષ્ટ રાગાદિક વિકારને દૂર કરી નાંખવા માટે ખરા જીગરથી શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પ્રત્યે વિશુદ્ધ પ્રેમ જોડવો જોઇએ અને યથા-શક્તિ તેમની પવિત્ર આજ્ઞાને અનુસરીનેજ ચાલવા પ્રયત્ન સેવવો જોઇએ. શુદ્ધ ભક્તિ અને પવિત્ર આજ્ઞાનું પાલન એ બંને ખરેખર કલ્યાણ સાધવાનો અમોઘ ઉપાય છે. શરીરાદિક જડ વસ્તુ ઉપર મમતાને લઇ એમાં શિથિળતા થવા પામે છે તેથી અતિચારાદિ દૂષણ લાગે છે, પણ જો કેવળ વિષય કષાયાદિક પ્રમાદને વશ થઇ જઇ નિજકર્તવ્ય કર્મની તદ્દન ઉપેક્ષા કરાય છે તો અનાચાર દોષથી આત્મા અત્યંત મલીનતા પામે છે, તેથીજ વધારે સાવધ રહેવાની જરૂર પડે છે. ઇતિશમ્

સુ. ક. વિ.

सद्बोध वचनमाळा.

(સંશોધક સવચંદ દામોદરદાસ શાહ.)

(બોરસદ જૈનસ્કુલના હેડમાસ્તર.)

સંત પુરૂષોનાં આત્મહિતાર્થે કહેલાં નીચેનાં વાક્યો દરેક વ્યક્તિએ અવશ્ય મનન કરવા યોગ્ય છે.

૧. મધુર વચન સત્યતાપૂર્વક બોલવું.
૨. સાચને આંચ લાગતી નથી.
૩. સત્યવક્તા સદા સુખી જાણવો.
૪. જાત મહેનત વિના યશ નહિ મળે.
૫. મોટામાં મોટું તિર્થ માબાપની સેવા છે.
૬. સ્વભાષા, પોશાક, અને સ્વધર્મ તજવો નહિ.
૭. ઉપકાર, ઉધાર અને અપકાર જમે રહે છે.
૮. ડાહ્યો દુસ્મન ભલો પણ ભોળો સજ્જન ખરાબ.
૯. લાખ ખોજે પણ શાખ ખોશો નહિ.
૧૦. અન્ન, ધન, અને આબરૂ જીવની પેઠે જાળવવાં.
૧૧. બેકદર શેઠની ચાકરી કરવી નહિ.
૧૨. વિદ્યા ભણવી હોય તો વિદ્યાર્થીએ શરીર, વાણી, બુદ્ધિ, ઇન્દ્રિય અને મનને નિયમમાં રાખી હાથ જોડી ગુરૂનું મુખ જોતાં ઉભા રહેવું, તેમજ નાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારની ઇચ્છા, ક્રોધ, લોભ, સ્વાદ, શૃંગાર, નાચરંગ, આલસ્ય તથા અતિનિંદ્રા એ આઠનો ત્યાગ કરવો.

૧૩. સ્ત્રી, રત્ન, વિદ્યા, ધર્મ, પવિત્રતા, સુંદર વચન તથા અનેક પ્રકારની કળા એટલાં વાનાં સર્વ પાસેથી ગ્રહણ કરવાં.

૧૪. સત્યવચન અરૂહીનતા, પરસ્ત્રી માત સમાન;
ઇનકું વૈકુંઠ ના મીલે, તુલસીદાસ જમાન.

૧૫. મનુષ્યની શ્રેષ્ઠ દોલત ભલી સ્ત્રી અને તન્દુરસ્તી છે.

૧૬. જહાં દયા તહાં ધર્મ હે, જહાં લોભ તહાં પાપ;
જહાં ક્રોધ તહાં કાળ હે, જહાં ક્ષમા તહાં આપ.

૧૭. વિદ્વાનો ઘરને ઘર નથી કહેતા પણ ગૃહીણીને ઘર કહે છે. ઘર સુંદર હોવા છતાં પણ સુજ્ઞ સ્ત્રી વિનાનું હોય છે તો તે અરણ્ય સરખું થઇ પડે છે.

૧૮. એક ભલી મા સો શિક્ષકની બરાબર છે.

૧૯. જે કેળવણીથી મન મારતાં શિખાય તેજ કેળવણી.

૨૦. ક્ષમાથી ક્રોધનો પરાજય કરવો, સજ્જનતાથી દુર્જનતાનો પરાજય કરવો, દાનથી કૃપણતાનો પરાજય કરવો, અને સત્યથી અસત્યનો પરાજય કરવો.

૨૧. ગમે તેમ દુષ્ટો, બુરી જાળ નાંખે;
ભલા રામ રાખે, તહીં કોણ ચાખે.

૨૨. માતા તથા પિતાને સાક્ષાત્ દેવતા માની સદાય સર્વ પ્રકારના પ્રયત્નોથી બાળકોએ તેમની સેવા કરવી.

૨૩. દયા ક્ષમા ઉપકાર ને, સમતા સમો ન કોય;
જે જન તે ધારણ કરે, અવિચળ સુખી તે હોય.

૨૪. આનંદ, વિનોદી સ્વભાવ અને મનની શાંતિ એ તંદુરસ્તીનાં પ્રબળ સાધનો છે.

૨૫. ગરજુને અક્કલ નહિ, અર્થીને નહિ દોષ;
નિર્લજને લજ્જા નહિ, લોભીને સંતોષ.

૨૬. અસંતોષ એ દુનિયામાં મોટામાં મોટું દુઃખનું કારણ છે.

૨૭. અતિથિ આવે આંગણે, ઘટતું દેવું માન;
યથાશક્તિ સત્કારવું, એ છે ઉમદા જ્ઞાન.

૨૮. વિદ્યા–એ તરૂણ અવસ્થામાં પોષણ, વૃદ્ધાવસ્થામાં મોજ, સંપત્તિમાં શણગાર તથા વિપત્તિમાં દિલાસો છે.

૨૯. દેશની ઉન્નતિ કરવી હોય તો તે માટેનો રસ્તો સ્ત્રીકેળવણીજ છે. છોકરાની કેળવણીથી એક જણ કેળવાય છે, પણ પુત્રીઓની કેળવણીથી તેનું ભવિષ્યનું કુટુંબ કેળવાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૦. જેની ચડતી પડતી નથી તેને સારા નરસાનો અનુભવ થતો નથી.
૩૧. ઉદ્યમી જનને અવનિમાં, સર્વ વસ્તુ છે સ્હાય;
આળસ બગાડે બુદ્ધિને, એમાં નહિ નવાઇ.

શ્રાવકભાઇઓએ પાળવા યોગ્ય

जैनधर्मनी केटलीक शास्त्रोक्त प्रवृत्तिओ

अने

तेनी साथे तंदुरस्तीनो गाढ संबंध.

૧. 'પ્રાતઃકાળે નવકારશી કરવી અર્થાત્ બે ઘડી સૂર્ય ચઢ્યા પછી ભોજન કરવું.' આ નિયમથી જઠરાગ્નિ તેજ થયા પછીજ તેનાપર અન્નનું વજન પડે છે, તેની મંદતાના સમયમાં વજન પડતું નથી.

૨. 'સૂર્યાસ્ત થયા પછી ભોજન ન કરવું, અર્થાત્ સૂર્યાસ્ત થયા અગાઉજ જમી લેવું.' આ નિયમથી રાત્રિએ જ્યારે અગ્નિ મંદ પડે છે અને નાડીઓ સંકુચિત થાય છે તેવે વખતે તેનાપર વજન પડતું નથી. તેમજ રાત્રિને વખતે દીપકનો પ્રકાશ છતાં ન દેખી શકાય તેવા અને દીપકના પ્રકાશને લઇને ઝંપલાઇને પડતા એવા અનેક સૂક્ષ્મ જંતુઓ ખોરાકમાં આવતા બંધ થાય છે, જેથી તંદુરસ્તી બગડતી નથી. આ સિવાય બીજા પણ ઘણા લાભો છે.

૩. 'ઘી, તેલ, દુધ, દહીં વિગેરે પ્રવાહી પદાર્થનાં ભાજનો ઉઘાડા મૂકવા નહીં અને ઉઘાડા રહેલા હોય તો બનતા સુધી તે ચીજો ભોજનના ઉપયોગમાં લેવી નહીં.' આ નિયમથી એવા પ્રવાહી પદાર્થોમાં પડીને તદ્રૂપ થઇ ગયેલ જંતુઓ અથવા તેમાં પડેલી અન્ય શરીરને હાનિકારક વસ્તુઓ ઉપભોગમાં લેવાતી નથી અને તેથી તંદુરસ્તી બગડતી નથી.

૪. 'થુંક, બડખો વિગેરે જેમ તેમ જ્યાં ત્યાં નાખવું નહીં અને જ્યાં નાખવું ત્યાં તેનાપર રક્ષા કે ધૂળ ઢાંકી દેવી.' આ નિયમથી વ્યાધિવાળા શરીરના થુંક કે બડખાથી તેમાંના જંતુઓ વિસ્તરતા નથી અને અન્યને હાનિ કરતા નથી.

૫. 'સામટા મનુષ્યો જ્યાં પેશાબ કરતા હોય ત્યાં કોઇના પેશાબ ઉપર પેશાબ કરવો નહીં, પણ તદ્દન કોરી, છુટી ને તડકો આવે તેવી જમીનપર પેશાબ કરવો.' આ નિયમથી મૂત્રજન્ય વ્યાધિઓ જે પરસ્પરને લાગુ પડી શકે છે તેનો અવરોધ થાય છે.

૬ 'જેમ બને તેમ દૂર અને સૂકી જગ્યાએ જ્યાં લોકોનો અવરજવર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન હોય ત્યાં દિશાએ જવું.' આ નિયમથી વસ્તીની અંદર દુર્ગંધી ફેલાતી નથી. અને બીજો પણ તજ્જન્ય રોગાદિ ઉપદ્રવ થતો નથી.

૭ 'દિશાએ ગયેલા અથવા બીજી રીતે અપવિત્ર થયેલા વસ્ત્રો તરતજ બદલી નાખવા, તેવાં વસ્ત્રો સહિત પુસ્તક વાંચવું નહીં, એટલુંજ નહીં પણ તેનો સ્પર્શ પણ કરવો નહીં.' આ નિયમથી અશુચિના પુદ્ગળો કે વ્યાધિકારક જંતુઓ વસ્ત્રમાં ભરાઈ રહેલા હોય તેની માઠી અસર શરીરને થઇ શકતી નથી.

૮. 'સાધુએ તો નિરંતર અને શ્રાવકે બનતા સુધી ઉકાળેલું પાણી પીવું.' આ નિયમથી જળની અંદર રહેલી અનેક પ્રકારની માઠી અસર શરીરને હાનિ કરતી નથી, દેશપ્રદેશનું પાણી નુકશાન કરતું નથી (લાગતું નથી) અને તંદુરસ્તીમાં સુધારો થાય છે.

૯. 'જમવાને ઠેકાણે, પાણી રાખવાને ઠેકાણે, અનાજ રાખવાને–દળવાને–ખાંડવાને ઠેકાણે ઇત્યાદિ સ્થાનકે ચંદ્રુઆ જરૂર બાંધવા.' આ નિયમથી તે તે સ્થાન ઉપરના ભાગમાંથી અથવા છાપરામાંથી રજ કચુરો અને ઝીણા જીવ-જંતુઓ તેમજ ઝેરી જીવજંતુની ગરલ વિગેરે ખાવાના પદાર્થોમાં પડતાં નથી. અને શારીરિક તંદુરસ્તીને તેમજ પ્રાણને હાનિકારક કારણોનો અટકાવ થાય છે.

૧૦ 'અભક્ષ્ય–નહીં ભક્ષણ કરવા લાયક પદાર્થો–ફળફળાદિનો ત્યાગ કરવો. તેમાં મુખ્યતાએ વડના, પીપરના, અને ઉંબરા વિગેરેના ફળો ખાવાજ નહીં.' આનાથી આવી વસ્તુઓની અંદર જે અનેક ઝીણા ઉડતા જંતુઓ ભરેલા હોય છે, તેવા જંતુઓ ખોરાકમાં આવવાથી તંદુરસ્તી બગડે છે, એ ડાકટરી તેમજ દેશી વૈદ્યકીય બંનેનો સિદ્ધાંત છે, તેવા જંતુઓનો ભય નાશ પામે છે.

૧૧. 'માંસ ભક્ષણ કદાપિ કરવું નહીં.' એની અંદર નિરંતર અનેક જીવોનું ઉપજવું ચ્યવવું થયા કરે છે. એમ શાસ્ત્રકારો કહે છે. તે સાથે એ પદાર્થ ક્રૂરતાથી વાસિત છે. તેની ઉત્પત્તિ ક્રૂરતાવડેજ થાય છે, ખાનારની વૃત્તિ ક્રૂર–નિર્દય રહે છે અને એવી વૃત્તિ રૂધિરને તપાવનાર તેમજ તંદુરસ્તીને બગાડનાર છે.

૧૨. 'મદિરાપાન કદાપિ કરવું નહીં.' મદિરાપાન કરવાથી મનુષ્ય ઉન્મત્ત બની જાય છે, કૃત્યાકૃત્ય ભૂલી જાય છે, ન કરવાનું કાર્ય કરી બેસે છે. એવા અનેક દૃષ્ટાંતો મોજુદ છે. વળી દારૂ તંદુરસ્તીનો નાશ કરે છે એ પણ સિદ્ધ થયેલ છે.

૧૩. 'મધ, માખણ ખાવાં નહીં.' એ પણ અનેક ત્રસ જીવવાળાં હોય છે. માત્ર એ જીવો બહુ સૂક્ષ્મ હોવાથી આપણે તેને દેખી શકતા નથી, અને કોઇ પણ પદાર્થ જીવ વ્યાપ્ત હોય તે ખાવાથી તંદુરસ્તીને નુકશાનજ કરે છે એ સિદ્ધ હકીકત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪. 'રાત્રિ વ્યતીત થયેલ રાંધેલા પદાર્થો--રોટલી, શાક, દાળ, શીરો, પુરી, લાપશી ઇત્યાદિ બીજે દિવસે ખાવાં નહીં.' આ તમામ પદાર્થોમાં એક જાતિનો કોહવાટ શરૂ થાય છે અને તે ખાવાથી તંદુરસ્તી બગડે છે એ ચોકસ છે. તેથી એ નિયમ શરીર સંબંધે ખાસ ઉપયોગી છે.

૧૫. 'બે રાત્રિ વ્યતિત થયેલું દહીં ખાવું નહીં.' એની અંદર પણ જીવોત્પત્તિ થઈ જાય છે અને તે અમુક પ્રયોગવડે જોઈ પણ શકાય છે, તેથી તે પદાર્થ તંદુરસ્તીને હાનિ કરનાર છે. કોઇ પણ પદાર્થ તાજો ખાવો તેજ શરીરને હિતકારક છે એ વાત ચોકસ છે.

૧૬. 'કોહી ગયેલાં-બગડેલાં-ગંધાઇ ગયેલાં ફળફળાદિ ખાવાં નહિ.' આ નિયમ શરીર સુખાકારીને માટે ખાસ ઉપયોગી છે. કારણ કે પોતાના અસલ રસથી ચ્યુત થયેલ (ચલિત રસ) કોઇ પણ પદાર્થ શરીરને અનુકૂળ નથી, પણ પ્રતિકૂળ છે. ફળફળાદિનું કે અન્ય પદાર્થોનું કોહી જવું તે એની અંદર ત્રસ જીવોની ઉત્પત્તિનું સૂચક છે અને ત્રસ જીવ સંયુક્ત પદાર્થ શરીરને હાનિકારકજ છે.

૧૭. 'બોળ અથાણું ખાવું નહીં.' આવાં અથાણાંમાં પુષ્કળ ત્રસ જીવો પડે છે-ગંધ બદલાઇ જાય છે-દુર્ગંધ આવે છે, છતાં જીહ્વાના રસીયા મનુષ્યો તેનો સ્વાદ છોડતા નથી. પરંતુ તે શરીરને પણ નુકશાન કરે છે. એવાં અથાણાં બે બે વરસના રાખી મૂકવામાં આવે છે, તેની અંદર પ્રત્યક્ષ રીતે હાલતા ચાલતા જીવો નજરે દેખાય છે. તેથી શારીરિક તંદુરસ્તી ઇચ્છક માટે પણ તે ત્યાજ્યજ છે.

૧૮. 'કાચા એટલે ઉષ્ણ કર્યા વિનાના દુધ, દહીં ને છાશની સાથે મગ, ચણા, અડદ, તુર, વાલ, વટાણા, મેથી વિગેરે બે દાળ થાય તેવા (દ્વિદળ) પદાર્થો મેળવીને ખાવાં નહીં.' આ વસ્તુનો મેળાપ જીવોત્પાદક છે એ તો શાસ્ત્રોક્ત હકીકત છે, પરંતુ શરીરના હિત માટે પણ એ પદાર્થ મેળવીને ખાવા લાભકારક નથી. પાચનક્રિયાને બાધ કરનાર છે, દુધ દહીં કે છાશ ઉષ્ણ કરેલાં હોય છે તો તે મેળવણી શરીરને નુકશાન કરતી નથી.

૧૯. 'વેંગણ-રીંગણા ખાવા નહીં.' આ પદાર્થ ખાવાનો પ્રચાર જૈન સિવાય અન્ય કોમમાં ઘણો વિસ્તરી ગયેલો છે, પરંતુ એ પદાર્થ કામોત્પાદક છે, અને જેટલા પદાર્થો કામોત્પાદક હોય છે તેટલા રૂધિરને બગાડનારા હોય છે. વેંગણ બુદ્ધિને જડ કરનાર છે અને બીજી રીતે પણ એ પદાર્થ નુકશાન કરનાર છે.

૨૦. 'અફીણ, ગાંજો, તમાકુ વિગેરે કોઈ પણ વસ્તુનું વ્યસન કરવું નહીં.' આ નિયમ શરીરને અત્યંત લાભકારક છે. વ્યસનમાત્ર શરીરને નુકશાનજ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. મનને પરાધીન બનાવે છે, મોહને ઉત્પન્ન કરે છે, પ્રમાણમાં વધી જાય છે તો પ્રાણહાનિ પણ કરે છે. લાભ કોઇ જાતનો નથી. વળી તેવી ઝેરી ચીજોનો સંગ્રહ પણ હાનિકારક છે.

૨૧. 'કાચી માટી–ભુતડો વિગેરે ખાવાં નહીં.' આ પદાર્થો શરીરને બહુજ નુકશાન કરે છે, પેટને ફુલાવી દેય છે અનેક જાતિના રોગ ઉત્પન્ન કરે છે, પીળા પચકેલ બનાવી દેય છે, તંદુરસ્તીનો નાશ કરે છે, તથા અગ્નિને બુઝાવી નાખે છે તેથી તે ત્યાજ્ય જ છે.

૨૨. 'બરફ કે કરા ખાવા નહીં.' આ પદાર્થ શરીરમાંના બળની હાનિ કરે છે અને શરદી ઉત્પન્ન કરે છે, અગ્નિ મંદ કરે છે તેથી તે અપેક્ષાએ પણ તે ત્યાજ્ય છે.

૨૩. 'બહુ બીજવાળાં ફળો ખાવા નહીં.' જે ફળાદિમાં સંખ્યાબંધ માત્ર બીજ જ ભરેલા હોય છે તેવા પદાર્થ શરીરને હાનિ કરે છે. તેનાથી કેટલાક રોગ ઉત્પન્ન થાય છે તેથી તેવા પદાર્થો ન ખાવાનો નિયમ હિતકર છે.

૨૪. 'તુચ્છ ફળ કે જેની અંદર ખાવું થોડું અને ફેંકી દેવું વધારે પડે તે ખાવાં નહીં.' આ નિયમ શરીરને પણ હિતકર એટલા માટે છે કે એવા પદાર્થો વધારે ખાનારના શરીરમાં અમુક અમુક પ્રકારની રોગોત્પત્તિ થાય છે. આર્થિક દૃષ્ટિએ પણ એવા પદાર્થો ત્યાજ્ય છે.

૨૫. 'અજાણ્યું ફળ કે કોઈપણ અજાણી વસ્તુ ખાવી નહીં.' આ નિયમથી અનેક લાભ થાય છે. કેટલીક વખત તેથી પ્રાણ પણ બચી જાય છે. નામ વિગેરે નહીં જાણ્યા છતાં એવાં ફળ વિગેરે ખાનારનાં પ્રાણ ગયાના દૃષ્ટાંતો મોજુદ છે. વળી કેટલાક પદાર્થો વ્યાધિ ઉત્પન્ન કરનારા હોય છે તે પણ અજાણતાં ખવાઈ જાય છે, તેથી જે પદાર્થ બીજાનો જાણીતો હોય, જેના ગુણ દોષ જાણવામાં આવેલા હોય, અને જે ખાનપાનમાં વપરાતો હોય તે પદાર્થજ ખાવો, પણ રૂપ રસ કે ગંધથી મોહ પામીને અજાણ્યો પદાર્થ ખાવો નહીં.

૨૬. 'મીઠાઈ–પકવાન્ન ચોમાસામાં ૧૫ દિવસ, ઉનાળામાં ૨૦ દિવસ ને શિયાળામાં ૩૦ દિવસ પછી ખાવું નહીં.' આ નિયમ શરીર માટે ખાસ હિતકર છે. કારણ કે ત્યાર પછી તેની અંદરનો રસ અવશ્ય બદલાઈ જાય છે, ગંધ ફરે છે, ફુગી વળે છે, જીવોત્પત્તિ થાય છે, તેથી તેવી મીઠાઇ ખાવાથી અવશ્ય તંદુરસ્તી બગડે છે.

૨૭. 'આર્દ્રા નક્ષત્ર બેઠા પછી કેરી ખાવી નહીં.' આ નિયમ જ્યાં ચૈત્ર માસથી કેરી આવે છે તેને અનુસરતો છે. જ્યાં શ્રાવણ માસમાંજ કેરી આવે છે તેને માટે નથી. આપણા દેશમાં (કાઠીઆવાડ–ગુજરાતમાં) તેની ઋતુ ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ એ ચાર માસ છે. તેને માટે આર્દ્રા નક્ષત્ર પછી ન ખાવાનો નિયમ જરૂરનો છે. આ દેશમાં આર્દ્રા નક્ષત્રમાં ઘણી વખત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરસાદ પણ થઇ જાય છે. હવા તો અવશ્ય બદલાય છે અને તેથી પાકેલી કેરીની અંદર જીવોત્પત્તિ થાય છે એ સાંભળેલી નહીં પણ નજરે જોયેલી અને દેખાતી હકીકત છે. જીવોત્પત્તિ પદાર્થ કોહ્યા વિના થતી નથી. અને કોહેલો પદાર્થ શરીરને હાનિ કરે છે તે ચોક્કસ છે. તેથી એ નિયમ ગ્રહણ કરવા યોગ્ય છે.

૨૮. 'ફાલ્ગુન માસ પછી પત્રશાક ખાવું નહીં' દરેક જાતની ભાજીઓમાં તેમજ પાંદડાંઓમાં ત્યાર પછી ત્રસ જીવોની ઉત્પત્તિ નજરે પડે છે, અને એવા જીવોત્પત્તિવાળા પદાર્થો શરીરને નુકશાનજ કરે છે. પરંતુ ખાવાના રસવાળા મનુષ્યો સૂળા વિગેરેના પાંદડાંઓ બીજા જીવોએ કોરી ખાધેલા હોય છે છતાં તેને ખાધા સિવાય રહી શકતા નથી.

૨૯. 'સૂકો મેવો–ખજુર, ખારેક, ધરાખ, અલુ, કાજુ, પસ્તાં, બદામના મીંજ, ચારોળી, સૂકાં અંજીર વિગેરેમાંથી કેટલાક પદાર્થ ફાગણ શુદિ ૧૫ પછી ને કેટલાક અશાડ શુદિ ૧૫ પછી ખાવાં નહીં.' આ નિયમ શરીરને માટે પણ હિતકર છે; કારણકે એમાં ને એની ઉપર પુગી વળેલી, ગંધ ફરેલી, ત્રસ જીવ ઉપજેલાં વારંવાર નજરે પડે છે, છતાં જીભ્હાના રસને લીધે કેટલાક મનુષ્યો તેને છોડી શકતા નથી, પરંતુ તે તંદુરસ્તીને પણ હાનિ કરે છે એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે.

૩૦. 'અનંતકાય–કંદમૂળ વિગેરે ભક્ષણ કરવું નહીં.' એની અંદર જીવોત્પત્તિ અતિ વિશેષ કહેવામાં આવે છે એ હકીકત તો શાસ્ત્રોકત છે. પરંતુ તે ખાવાથી શારીરિક પણ બીજી હાનિ હોવાનો સંભવ છે આવા પદાર્થોના ભક્ષણથી કામોત્પત્તિ વિશેષ થાય છે, અને તેનાથી શરીરને બહુ હાનિ થાય છે, માટે તેવાં પદાર્થો ત્યાગ કરવા યોગ્ય છે.

૩૧. 'દર પંદર દિવસે એક ઉપવાસ કરવો (પાક્ષિક તપ.)' આ નિયમ ખાસ તંદુરસ્તીને સુધારનાર છે. પંદર દિવસે ઉપવાસ કરનારના શરીરમાંથી રોગના તત્ત્વો નાશ પામે છે અને શારીરિક પ્રકૃતિ સુંદર થાય છે.

૩૨. 'દર ચાર મહિને બે ઉપવાસ (ચોમાસી તપ.) અને દર વર્ષને અંતે ત્રણ ઉપવાસ (સંવચ્છરી તપ.) કરવા.' આ નિયમ પણ ઉપર પ્રમાણેજ શરીરને લાભકારક છે. તેવા તપવડે શરીરમાં ભેગો થયેલો હાનિકારક કચરો અને પાણી વિગેરેના દોષ નાશ પામે છે, તંદુરસ્તી સુધરે છે અને નિરોગીપણું ટકી રહે છે.

૩૩. 'દર છ છ મહિને નવ દિવસ સુધી હરરોજ નિરસ આહાર લેવો. એટલે કે દુધ, દહીં, ઘી, તેલ, ગોળ અને પકવાન્ન વિગેરે પદાર્થો ખાવાં નહીં. એક વખતજ જમવું, ઉષ્ણ જળ પીવું.' આ નિયમ શરીરને બહુજ લાભકારક છે. કુષ્ટ જેવા દુરંત વ્યાધિ પણ આ પ્રમાણેની પ્રવૃત્તિથી નાશ પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીર સ્થિતિ સુધરે છે. હાનિકારક રસને નવ દિવસ સુધી પોષણ ન મળવાથી તે નાશ પામે છે. અને મનોનિગ્રહ થવા સાથે શરીર તથા ઇંદ્રિયો ઉપર તેનાથી કાબુ મેળવી શકાય છે.

૩૪. 'મળમાં, મૂત્રમાં, શ્લેષ્મમાં, રૂધિરમાં, શુક્રમાં ઇત્યાદિ શરીરજન્ય તમામ અશુચિમાં શરીરથી છુટા પડ્યા પછી બે ઘડીની અંદર અનેક જંતુઓ ઉત્પન્ન થાય છે અને તે અશુચિઓ જો વ્યાધિવાળા માણસની હોય છે તો તેની અંદર તેની વ્યાધિને ઉત્પન્ન કરનારા જંતુઓ પણ હોય છે કે જે વૃદ્ધિ પામવાથી–ફેલાવાથી બીજા અનેક નિર્દોષ અને નિરોગી શરીરને તે તે વ્યાધિના ભોગ કરી દે છે. તેટલા માટે એવી અશુચિ રક્ષા તથા ધુળિવડે ઢાંકી દેવી અથવા તાત્કાળિક તેનો નાશ કરવો કે જેથી તે બીજાને ઉપદ્રવ કરે નહીં.' આ નિયમ જૈનોને માટે ખાસ કહેલો છે. કારણ કે તેઓ સૂક્ષ્મ જંતુઓનો પણ ઉત્પત્તિ વિનાશ ન થાય એ ધોરણના સ્વીકાર કરનારા છે. આ નિયમથી સ્વપરના શરીરને લાભ થાય છે અને અનેક પ્રકારની હાનિ અટકે છે.

૩૫. 'જમવા માટે બે અથવા તેથી વધારે સ્ત્રી કે પુરૂષોએ એકઠા ન બેસવું, એકબીજાના એઠાં પાત્રમાં એક બીજાએ ન જમવું, પાણી પીધેલું પાત્ર કપડાવડે લુંચ્છ્યા સિવાય ન મૂકવું, અન્યના એઠાં કરેલાં પાત્રવડે બીજાએ પાણી ન પીવું, પાણી પીધેલું જળપાત્ર સામટા પાણીવાળા ઠામમાં ન બોળવું, જમતાં એઠું ન મૂકવું. એઠાં હાથ કોઇપણ પદાર્થમાં ન નાખવા, એઠી અથવા પોતાના ભાણામાં પીરસાયેલી–ખાવા માંડેલી વસ્તુ અન્યના ભાણામાં ન નાખવી.' ઇત્યાદિ એઠજૂઠને લગતા તમામ નિયમો ખાસ શારીરિક લાભના હેતુભૂત છે, પરસ્પરના વ્યાધિની અસરને દૂર કરનારા છે, આર્થિક વિચારણાએ પણ લાભ કરનારા છે અને જીવહિંસાના પાપથી દૂર રાખનારા છે.

૩૬. 'એવી સ્વચ્છતાથી જમવું કે થાળીની અંદર કંઇપણ મિશ્રિત વસ્તુ એકત્ર થઇ અપ્રિય દેખાવ ન આપે. એવી રીતે સ્વચ્છતાથી જમ્યા પછી તે સ્વચ્છ થાળી સ્વચ્છ જળવડે ધોઇને તે પાણી પી જવું.' જેથી પોતાની ગરમી (વિદ્યુત્) પોતાને પાછી મળે અને તેમાં કદી હાનિકારક તત્ત્વ હોય તો તેનો ચેપ બીજાને ન લાગે–બીજાને હાનિ ન થાય.

૩૭. 'વસ્ત્રો સ્વચ્છ રાખવાં, સ્વચ્છ પહેરવાં, મલીન ન પહેરવાં.' આ નિયમ મલીન વસ્ત્રથી થતી શારીરિક હાનિને દૂર કરનાર છે, પોઝીશનમાં વધારો કરનાર છે અને વસ્ત્રની સ્થિતિને પણ વધારનાર છે.

૩૮. 'દિશાએ જવાના કાર્યમાં તેમજ તેવા બીજા અપવિત્ર કાર્યમાં વાપરવાનાં વસ્ત્રો ખાસ જૂદાં રાખવાં.' આ નિયમ તેવા અશુચિના પરમાણુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીરને હાનિ ન કરે તેટલા માટે ખાસ ઉપયોગી છે. જો કે તેથી બીજા પણ લાભ છે પણ તે અત્ર પ્રસ્તુત નથી. હાલના કહેવાતા સુધરેલા લોકોની જેમ પવિત્ર અપવિત્ર સર્વ કાર્યમાં એકજ વસ્ત્ર રાખવાં તે શરીરને તેમજ મનને પણ હાનિકારક છે. મનની નિર્મળતા થવામાં પણ નિર્મળ વસ્ત્રાદિ કારણભૂત છે.

૩૯. 'પ્રાય: મૌનપણે જમવું' આ નિયમ પણ અન્ય વાતચિતમાં પડવાથી થતી વ્યગ્રતાને લીધે જમવામાં બરાબર ધ્યાન ન રહેવાથી ખાવાનું નિયમિતપણું ન જાળવવાને લીધે થતી શારીરિક હાનિને દૂર કરનાર છે, તે સાથે તેની અંદર બીજા પણ લાભો સમાયલા છે.

૪૦. 'પ્રથમનું ખાધેલું પચે નહીં ત્યાં સુધી ફરીને ન જમવું.' આ નિયમ ખાસ અજીર્ણને અને અજીર્ણથી ઉત્પન્ન થતા વ્યાધિઓને દૂર કરનાર હોવાથી તંદુરસ્તી ચાહનારને પૂર્ણ ઉપયોગી છે.

૪૧. 'જે પદાર્થ પોતાના શરીરને અનુકૂળ હોય તેજ ખાવા. અનનુકૂળ પદાર્થો રસગૃદ્ધિથી ન ખાવા.' આ નિયમ પણ શરીરને ખાસ હિતકારક છે. ઘણા માણસો અમુક પદાર્થ પોતાના શરીરને હિતકારક નથી એમ જાણ્યા છતાં અને પૂર્વે તેના કટુ વિપાકનો અનુભવ કરેલો હોય છે છતાં રસેંદ્રિયને વશ થઇને ખાય છે, પછી તેનાં માઠાં પરિણામ ભોગવે છે; તેથી તેમ ન થવા માટે આ નિયમ ગ્રહણ કરવા યોગ્ય છે.

૪૨. 'પરસ્ત્રીનો શ્રાવકે સર્વથા ત્યાગ કરવો, સ્વસ્ત્રી સેવનમાં પણ પ્રમાણ કરવું, તિથિ પર્વાદિકે તેનો પણ ત્યાગ કરવો અને દિવસે સ્ત્રી સેવન સર્વથા વર્જવું.' આ નિયમથી શરીરને અત્યંત લાભ છે, કારણકે એનો શરીરની સાથે બીજા બધા નિયમો કરતાં વધારે ગાઢ સંબંધ છે. શરીરની અંદરની સર્વ ધાતુઓમાં વીર્ય એ સર્વથી ઉચ્ચ અને ખાસ ઉપયોગી ધાતુ છે તેનો નિરર્થક અથવા પ્રમાણ ઉપરાંત વ્યય કરવો એ ન પૂરી પાડી શકાય એવી હાનિ છે. તેના નિવારણ માટે આ નિયમની ખાસ આવશ્યક્તા છે. કામ વિકારમાં વધારે લુબ્ધ થયેલા મનુષ્યો શરીરને પાયમાલ કરે છે, ક્ષયાદિ વ્યાધિના ભોગ થઈ પડે છે અને શરીરની કાંતિ, સ્ફુર્તિ અને બુદ્ધિને પણ ખોઈ નાખે છે, એના વિશેષ સેવનથી કદિ પણ તૃપ્તિ કે શાંતિ થતી નથી. જેમ જેમ વિશેષ વિષય સેવન કરવામાં આવે તેમ તેમ વિકાર વૃદ્ધિ પામતો જાય છે, તેથી તેમાં પરિમિત થવાની બહુ જરૂર છે. અને અમુક વયે તો સ્વસ્ત્રીનો પણ કામવિલાસને અંગે સર્વથા ત્યાગ કરવાની જરૂર છે. વૃદ્ધાવસ્થામાં જ્યારે વીર્યની ઉત્પત્તિ અતિ અલ્પ થાય છે ત્યારે એક વખતના પણ સેવનથી વ્યય ઘણો થાય છે એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે, અને હાલના સમયમાં આપણા દેશના હવાપાણી પ્રમાણે ૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્ષ પછીની અવસ્થા તે વૃદ્ધાવસ્થા ગણાય છે. દિવસનું કામસેવન શરીરને અત્યંત હાનિકારક છે, તેથી તે શરીર સુખાકારી માટે પણ વર્જ્યજ છે અને પરસ્ત્રી-સેવન તો અનેક પ્રકારે હાનિકારક છે તેથી તે તો સર્વથા વર્જ્યજ છે.

આ અને બીજા પણ કેટલાક ખાસ પાળવા યોગ્ય નિયમો કહેલા છે તે સર્વનો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો નથી. તે નિયમોથી શરીરને જે જે લાભ છે અને તે નિયમ ન પાળવાથી જે જે નુકશાન છે તેનું પૂરતું સ્પષ્ટીકરણ તો ડાક્ટરી યા દેશી વૈદકમાં તેમજ વસ્તુના પૃથક્કરણાદિકમાં જે કુશળ હોય તેજ કરી શકે તેમ છે. તેવા અભ્યાસીની આવા વિષયને માટે ખાસ આવશ્યકતા છે. તેજ એનાપર પૂરતું અજવાળું પાડી શકે તેમ છે.

હાલના વિજ્ઞાનીઓ અને તંદુરસ્તીની વૃદ્ધિના સંબંધમાં વિચાર કરનારાઓ જ્યારે અનેક પ્રકારનાં જંતુઓ જે કે શરીરને હાનિકર્ત્તા છે તેનો વિનાશ કરવા માટે તેને શોધી કાઢવામાં પ્રયત્નવાન્ છે અને તેના વિનાશના અનેક સાધનો યોજે છે ત્યારે જૈન શાસ્ત્રકારોએ એની ઉત્પત્તિજ ન થાય એ માર્ગ સ્વીકાર્યો છે અને પાણી પહેલાં પાળ બાંધવાની જેવા નિયમો કરેલા છે. જેઓ પ્રમાદને અથવા ઇંદ્રીઓને વશ થઇને તે તે નિયમો પાળતા નથી તેઓ શારીરિક હાનિ પ્રાપ્ત કરે છે અને પછી જંતુવિનાશના પ્રયત્નમાં પડે છે. આ માર્ગ જૈનીઓને માટે સ્વીકરણીય નથી.

ઉપર જે જે નિયમો લખવામાં આવ્યા છે તે દરેક શ્રાવક ભાઇઓએ પાળવાના છે. તેની અંદર હેતુ માત્ર શારીરિક લાભને લગતાજ લખેલા છે, પરંતુ તેટલાં ઉપરથી તેજ હેતુ એ નિયમ પાળવાના છે એમ સમજવાનું નથી. તે નિયમો પાળવાથી પરમાત્માની આજ્ઞાનું આરાધન થાય છે, જીવદયા અનેક ત્રસસ્થાવરાદિ જીવોની પળે છે, આત્માની મલિનતા થતી નથી અને રસેંદ્રિયની આસક્તિ ઓછી થાય છે ઇત્યાદિ બીજા પણ અનેક લાભ છે. આ બધા નિયમો શ્રાદ્ધવિધિ વિગેરે શ્રાવકોના આચારને સૂચવનારા ગ્રંથાદિને આધારે લખેલા છે, સ્વત: નીપજાવી કાઢેલા નથી. માત્ર લેખની ઢબ શારીરિક લાભને સૂચવવા માટે તે રૂપમાં વાપરેલી છે. આ સિવાય પણ બીજા ઘણા નિયમો શ્રાવક ભાઇઓએ પાળવાના છે તે પ્રસંગોપાત પ્રદર્શિત કરશું. હાલ તરતમાં આટલા નિયમો પાળવા તરફ પણ જો વલણ થશે અને પાળવામાં આવશે તો તેટલાથી પણ ઘણો લાભ પ્રાપ્ત થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિંસા પરમો ધર્મઃ.

(અનુસંધાન પૃષ્ઠ ૨૯૩ થી.)

ધાર્મિક હિંસા કેવી રીતે અટકાવવી તેનું થોડું મનન કર્યા પછી અહિંસાના ચોથા પેટા વિભાગ આત્મિક હિંસા માટે હવે હું થોડું બોલીશ. આ હિંસાથી બહુ વિચારીને નિવૃત્ત થવા જેવું છે. જેવી રીતે શરીરની અપેક્ષાએ "પહેલું સુખ તે જાતે નર્યા" એ કહેવત પ્રમાણે પ્રથમ શરીરનું આરોગ્ય તે ખરૂં સુખ ગણવામાં આવે છે તેમ આત્માની અપેક્ષાએ પણ આત્મિક હિંસાને ટાળવી તેજ ખરૂં સુખ-ખરો આનંદ છે. અને બધા અહિંસાના ભેદોમાં આ ભેદ શ્રેષ્ઠ પદ ભોગવે છે. પોતે પોતાને ભૂલી જવો-પુદ્‌ગળમાં આસક્તિ વધારવી-આત્મરમણતા ભૂલવી, સ્ફુરતી-આત્મજ્ઞાન ભુલી જવું, ડુંગરાની શ્રેષ્ઠતા સ્વીકારવી તે આત્મિક હિંસા છે. આ પુદ્‌ગળ વિનાશી છે. તેમાં આસક્તિ રાખવી-તેને પોષવાનો વિચાર કર્યા કરવો, તેના વિલાસમાં નિમગ્ન રહેવું, આત્માને ભુલી જવો તે આ હિંસાના પરિણામરૂપે છે. 'મારૂં તે સારૂં' તેવો મમત્વ કરનારા આત્મહત્યારા છે. અહંતા અને મમતાજ માણસને ડુબાડે છે. 'હું જગતને માટે છું-મારો દેહ જગતના ભલાને માટે અર્પણ કરવાનો છે.' તેવી ભાવના રાખનારાનું કલ્યાણ થાય છે, અને પરોપકારને માટે આત્મભોગ દેનારાઓ આત્મઅહિંસા પાળી શકે છે, પણ 'મારૂં તે સારૂં અને સાચું' તેવી ભાવનાથી સ્વાર્થપરાયણ રહેનારા-સ્વાર્થમાં રચ્યા પચ્યા રહેનારા પિંડપોષકો સંસારની અસારતા ભૂલી જઈ-તેમાં લુબ્ધ થઈ જઈ આ શરીર ધરવાનું પ્રયોજન પરોપકાર છે તે ભૂલી જાય છે અને તેજ ખરા આત્મહિંસકો છે. આત્મહિંસક અજ્ઞાનાવસ્થામાંજ રહે છે. આત્મિક પરિણતિ સુધરે નહિ-સારી થાય નહિ ત્યાં સુધી સત્ય જ્ઞાન કોઈને પણ પ્રાપ્ત થયું છે તેમ કહી શકાય નહિ. વળી આ અહિંસા પ્રથમ છે. આત્મિક અહિંસા પાળનારજ સર્વ દયા પાળી શકે છે અને જાણી શકે છે. દેહ અને વાણીથી આત્મા જુદોજ છે, ન્યારો છે અને દેહને પોષવામાં અને તેને લાલન પાલન કરવામાં તો આત્મિક ભાવ ભૂલી જવાય છે. વળી ઘણી વખત ખાવાના સમયે પણ આત્મિક ભાન ભૂલી જવાય છે. ખાવું તે શરીર ટકાવવા માટે, આત્મિક પરિણતિ સુધરે અને માથે પડેલી ફરજો અદા કરી શકાય તે માટે છે. ખાવા માટે શરીર નથી, પણ શરીર માટે ખાવાનું છે. શરીર સંરક્ષણાર્થે જેટલા અન્નની જરૂર હોય તે કરતાં એક ગ્રાસ પણ વધારે લેવો તે શરીરને નુકશાનકર્તા છે; છતાં ભોજનને સમયે આ સર્વ ભૂલી જવાય છે, અને સારી રસોઈ થઈ હોય-સારાં પદાર્થો આરોગવાનાં હોય ત્યારે ભોજન અર્થેજ જાણે કે આ શરીર હોય તેવું વર્તન કરવામાં આવે છે, અને બહુ વધારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડતું ખાવામાં આવે છે. આનાથી શરીર બગડે છે, અને આત્મપરિણતિમાં પણ સુધારો થતો નથી. ખાવામાં અતિશય ગૃદ્ધિ તે આત્મહિંસાજ છે; વળી કામ-ક્રોધ-લોભ વિગેરે દુર્ગુણોને વશ વર્તવું તે પણ આત્મહિંસા છે. આ વૃત્તિઓ આત્મભાવનાને રોકે છે, અને મન-શરીર-આત્મા સર્વને પરવશ કરે છે. તે દુર્ગુણોના ફંદમાં ફસાવાથી મનુષ્ય સ્વત્વ ભૂલી જાય છે, અને આત્મિક જ્ઞાન દૂર થઇ તે અજ્ઞાનતાથી ઘેરાય છે, માટે આવા આત્મહિંસક દુર્ગુણોથી જેમ બને તેમ દૂર રહેવું તેજ શ્રેયસ્કર અને હિતાવહ છે.

વિચારો માણસના મગજ અને આત્મા ઉપર બહુ અસર કરે છે. વિચારથી થયેલી અસર ભુંસાવી મુશ્કેલ પડે છે. આપણે આપણા ઘરમાં કોઇને પેસવા દેતા નથી-કોઇને રજા સિવાય ઘરમાં આવવાની છુટ આપતા નથી, વગર રજાએ કોઇ આવે તો તેને ગુન્હેગાર ઠરાવીએ છીએ, તેને માટે અટકાયતના પાટીઆ મારીએ છીએ; પણ આપણા મગજરૂપ મંદિરમાં ગમે તેવા હલકા કે નકામા વિચારો પેસી જાય છે, ઘુસી જાય છે તેની દરકાર પણ કરતા નથી, તેને રોકતા પણ નથી અને જાણ્યે-અજાણ્યે તે વિચારો કેવી રીતે પ્રવેશે છે તેનો વિચાર પણ કરતા નથી. આવા વિચારો મગજમાં પ્રવેશી બહુ હાનિ કરે છે, ખોટા વર્તન તરફ આત્માને પ્રેરે છે. માટે આવા વિચારો મગજમાં ઘુસી ન જાય તે માટે બહુ સાવધ રહેવાની જરૂર છે. નીચ વિચારો મગજમાં પ્રવેશી એવી કનિષ્ટ અસર નીપજાવી દે છે કે પછીથી તે ભુંસવી મુશ્કેલ પડે છે. જેવી રીતે ચોર-લૂંટારાઓ વગર રજાએ ઘરમાં પ્રવેશી સર્વ માલ મિલકત ઉઠાવી લઇ જાય છે, તેવીજ રીતે આવા દુષ્ટ-હલકા-અધમ વિચારોરૂપી લૂંટારાઓ મગજરૂપી મહા મુલ્યવાન્ ઘરમાં પ્રવેશી-દાખલ થઇ જઇ આત્માની અનેક વિભૂતિઓ ચોરી જાય છે, અને આત્માને તેવી વિભૂતિઓ રહિત કરી મુકે છે. આવા વિચારોનો પ્રવેશ પણ આત્મિક હિંસાને ઉત્તેજન આપનાર હોવાથી મગજમાંથી તેવા વિચારો દૂરજ રહે તેવો પ્રયત્ન કરવાની દરેક સજ્જનની ફરજ છે.

આવા વિચારો તથા કામ ક્રોધાદિકને વશ થતો આત્મા અટકે તે માટે દરેક સાંજરે પ્રતિક્રમણ કરવાની જરૂર છે. શાસ્ત્રકારોએ દૈનિક કર્તવ્ય તરીકે વર્ણવેલ આ ક્રિયા બહુ ઉપયોગની છે. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું. એટલે કે જે કાંઇ અનુચિત કાર્ય આખા દિવસમાં થયાં હોય-હલકા વચનો બોલાયાં હોય, હલકા વિચારો સેવ્યાં હોય, દુર્ગુણોને વશ થઇ હલકું વર્તન કર્યું હોય તેનો વિચાર કરવો અને ફરીથી તેવી રીતની પ્રવૃત્તિ ન કરવી-પ્રવૃત્તિ કરતાં પાછા હઠવું તે. આત્મ નિરીક્ષણની ટેવ આ બાબતમાં બહુજ ઉપયોગી છે. સારૂં અગર નરસું જે કાંઇ કાર્ય આખા દિવસમાં કર્યું હોય તેનો વિચાર ફરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવાં સારાં, પરોપકારી, આત્મપરિણતિ સુધરે તેવાં કાર્યો માટે આનંદ માની પુનઃ પુનઃ તેવાં કાર્યો કરવાનો મનમાં નિર્ણય કરવો અને તેથી વિપરીત કોઇનું બગાડે-કોઇ હેરાન થાય તેવાં કૃત્ય કર્યાં હોય કે વિચાર સેવ્યાં હોય તે માટે પશ્ચાત્તાપ કરી પુનઃ હવે પછીના દિવસોમાં તેવાં અધમ કૃત્યો ન કરવાનો-તેવા વિચારો ન સેવવાનો નિર્ણય કરવો. આવી ટેવ બહુ ઉપયોગી અને આત્મપરિણતિ સુધારનારી છે, અને આજ ખરૂં પ્રતિક્રમણ છે. પ્રતિદિન આ પ્રમાણે વર્તનાર આત્મિક હિંસાથી દૂર જાય છે, અને હમેશાં પરોપકાર પરાયણ રહી અનેક શુભ વિચારો સેવી પોતાનું અને અન્યનું શ્રેય કરવામાં સાધનભૂત થાય છે.

આત્મા અને દેહ જુદા છે. આ આત્મા તો આ શરીર છોડી વળી નવું શરીર ધારણ કરશે. આ સંસારચક્ર તેવી રીતે ચાલ્યાજ કરે છે. પિંડ પોષવાથી કાંઇ વિશેષ લાભ મળતો નથી, કારણ કે આ દેહ ઉપર જે કાંઇ મમત્વભાવ ધારીએ તે નકામો છે, દેહને ગમે તેટલું પોષે-પાળે-સંતોષે પણ અંતે તે વિનાશી છે, અને એક વખત તેને છોડીને ચાલ્યા જવું છે. તેમાં જરા પણ સંશય નથી. દેહને પોષવા કરતાં આત્મપરિણતિને પોષનાર ખરે માર્ગે પ્રવર્તે છે તેમ કહી શકાય; કારણકે આત્મા તો અવિનાશી છે, અને સર્વદા રહેવાનો છે. તેની પરિણતિ-ભાવના સુધરવાથી તે ખરૂં સુખ ભોગવી શકશે. આ પ્રમાણે દેહ અને આત્માને ભિન્ન માનનાર-ખરી રીતે તે જુદાંજ છે તેમ તત્ત્વથી સમજનાર હિંસાના કોઇ પણ કાર્યમાં કદી પ્રવર્તશે નહિ. આ સર્વ હિંસાના જુદા જુદા પ્રકારોમાં આ પ્રકાર મુખ્ય સ્થાને છે. દેહ અને આત્માને ભિન્ન માનવો અને પોતાને જે પસંદ ન હોય તે અન્ય માટે કદી આચરવું નહિ. આ બે બાબતને બરોબર અમલમાં મુકનાર કદી કોઇ પણ દિવસ કોઈ પણ જાતની હિંસા આચરી શકશે નહિ. અહીં દર્શાવાયેલા હિંસાના આ સર્વ ભેદો આ સિદ્ધાંતના અજ્ઞાનપણાથીજ અમલમાં આવે છે. 'જો પોતાની તરફ તેવું વર્તન ચલાવવામાં આવે તો પોતાને કેવું દુઃખ થાય તેનો વિચાર કરી પોતાને જે પસંદ ન હોય તેવું વર્તન અન્ય કોઈ તરફ કદી ચલાવવું નહિ' તેવો નિશ્ચય કરવામાં આવે અને આ સમજણ દુનિયાના બધા ભાગમાં જેમ બને તેમ વધારે ફેલાય તો પછી હિંસાનાં ઘણાં કૃત્યો અટકી જશે-તેનો નાશજ થઈ જશે. આ દેહના કલ્યાણ માટે-તેનું શ્રેય થાય તે માટે આપણે કેટલાં બધાં દુઃખ સહન કરીએ છીએ? કેવી કેવી જાતના પાપવ્યાપારમાં પ્રવૃત્તિ કરીએ છીએ? તો પછી આત્મકલ્યાણ માટે પણ કેટલુંક દુઃખ તો વેઠવું પડેજ-ભોગ આપવા પડે. જ્યારે હુંપણું કાઢે ત્યારેજ ખરી ઉચ્ચતા મળે છે. આત્મહિંસા ટાળવાના આ બધા ઉપાય છે. આ પ્રમાણે વર્તનાર પ્રાણી આત્મહિંસા ટાળી અહિંસા પરમો ધર્મઃનો ઉચ્ચ સિદ્ધાંત ગ્રહણ કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાન્ય હિંસા, સામાજિક હિંસા, ધાર્મિક હિંસા તથા આત્મિક હિંસા કોને કહેવી? અને કેવી રીતે તે નિવારી શકાય? તેનું સામાન્ય સ્વરૂપ મેં તમારી પાસે રજુ કર્યું છે. હવે આ હિંસા આચરવાના ત્રણ હથિયાર છે, અને તે હથિયારની શુદ્ધિ કરવાથી તેનાથી થતી હિંસા અટકી શકે છે. આ હથિયાર તે શરીર, વાણી અને મન એ ત્રણ છે. આ ત્રણ જ્યારે શુદ્ધ માર્ગે પ્રવર્તે-સીધે રસ્તે ચાલે ત્યારે હિંસા થતી અટકે છે. આ ત્રણેની શુદ્ધિ કેવી રીતે થાય? તે ટુંકામાં હું કહીશ. શરીરશુદ્ધિને માટે વડીલને માન, સરખા પ્રત્યે પ્રેમ, નાના પ્રત્યે દયા તે ખાસ જરૂરના છે. વળી બ્રહ્મચર્યનું પાલન તે પણ શરીરશુદ્ધિ અર્થે બહુ જરૂરનું છે. તપસ્યા આદરવી, તપસ્યા કરવી તે પણ બહુ અગત્યનું છે. તપસ્યા કરવી એટલે રજોગુણ અને તમોગુણની હાનિ થાય-તે ઓછા થાય અને સાત્વિક ગુણની વૃદ્ધિ થાય તેવી જાતની પ્રવૃત્તિ કરવી તેનું નામ તપસ્યા છે. તપસ્યામાં આ બાબત બહુ વિચારવા જેવી છે, અને શરીરશુદ્ધિને માટે સાત્વિક-ગુણ પોષક તપસ્યાજ આદરવા લાયક છે. તપસ્યા કેવી રીતે કરવી તે બાબતમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કેઃ—

श्रद्धया परया तप्तं, तपस्तु त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्विकं परिचक्षते ॥ १ ॥

" મન, શરીર અને વાણી તે ત્રણેની શુદ્ધિ થાય તેવી રીતે સંપૂર્ણ શ્રદ્ધાવડે અને ફળની આકાંક્ષા વગર જે તપસ્યા કરવામાં આવે છે તે સાત્વિક તપ કહેવાય છે. "

सत्कारमानपूजार्थं, तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं, राजसं चलमध्रुवम् ॥ २ ॥

" જે તપસ્યા સત્કાર, માન, પૂજા વિગેરેના નિમિત્તથી દમ્ભયુક્ત કરવામાં આવે છે તેને સ્થિર નહિ તેવી-ચલિત એવી રાજસ તપસ્યા કહેવામાં આવે છે. "

मूढ ग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा, तत्तामसमुदाहृतम् ॥ ३ ॥

" મૂઢ વિચારથી (કાંઇપણ સમજણ વગર) શરીરને પીડા થાય તેવી રીતે અને પારકાને પીડા ઉપજે તેવા હેતુથી જે તપસ્યા કરવામાં આવે છે તે તામસ-તપ કહેવાય છે. "

આમાં તામસ અને રાજસ તપસ્યા વર્જીને, મન-વાણી-શરીર વિગેરે શુદ્ધ થાય તેવી રીતે, દ્રઢ શ્રદ્ધાપૂર્વક, કાંઈ પણ ફળની આશા વગર, જે પરોપકારનાં-ભલમનસાઇનાં કાર્યો કરવાં-તેનાં કાર્યોમાંજ આખો દિવસ તત્પર રહેવું તે સાત્વિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

... કહેવાય છે. અને તેનુંજ આચરણ જેમ બને તેમ વધારે કરવું. શરીર શુદ્ધિ માટે આ તપસ્યા બહુ જરૂરની છે. વળી પ્રમાદને વશ થવું નહિ. આળસમાં દિવસ વ્યતીત કરવો નહિ. બઢું સામાયિક કરતાં શીખવું. સમ કહેતાં સમાનતા- સરળતા તેનો જે આય કહેતાં લાભ--વૃદ્ધિ જે આચરણાથી થાય તેનું નામ સામાયિક કહેવાય છે. લુચ્ચાઈ-છેતરપીંડી છોડી દઇ આખા દિવસની કાર્યપદ્ધતિમાં સરળતાનેજ સ્થાન આપી તદનુસાર વર્તન કરવું તેજ શરીરશુદ્ધિ માટે જરૂરનું છે. આવા વર્તનથી શરીરથી હિંસા થતી અટકે છે. વળી સર્વ પ્રત્યે પ્રેમથી- વ્હાલથી વર્તવું, વડીલો તરફ પૂજ્યવૃત્તિ અને સમાનવચના તથા નાનાઓ પ્રત્યે માનદ્રષ્ટિથી જોવું, ઉદ્ધતાઇને દૂર મૂકવી, સર્વત્ર પોતાનું વર્તનજ પ્રેમભાવનાથી યુક્ત કરવું, આવા આવા ઉચ્ચ પ્રકારના સાત્વિક ગુણપોષક વર્તનથી શરીરરૂપી હથિયારની શુદ્ધિ થશે, અને તે હથિયારથી હિંસા થતી અટકશે.

વળી શરીર શુદ્ધિ માટે ખાસ કરીને અર્થશુદ્ધિની બહુ જરૂર છે. અર્થશુદ્ધિ વિના આ બધી શુદ્ધિ નકામી છે. 'આહાર તેવો ઓડકાર' તે વાત ખાસ લક્ષમાં રાખવાની છે. નીતિથી-પ્રમાણિકપણાથી-ખરી મહેનતથી--ખરા પરસેવાનો જે પૈસો ઉદ્યમથીજ પેદા કરવામાં આવ્યો હોય તે ખરી શુદ્ધિવાળો પૈસો છે. તેવી રીતે મહેનત કરીને અલ્પ પ્રાપ્ત કરનાર ભલે ધનિકની કોટીમાં ન ગણાય, પણ તે જે પૈસાથી અન્ન ખાય છે તે શુદ્ધ હોવાથી અનીતિને માર્ગે તે ગમન કરતો નથી. અનીતિથી, અપ્રમાણિકપણાથી, છેતરપીંડીથી, માયાકપટ કરીને, ધોળે દિવસે ભર બજારમાં બેસી પોતાની દુકાને આવતા ભોળા માણસો ઉપર લૂંટ ચલાવીને જે ધન ઉપાર્જન કરવામાં આવે છે તે અનીતિનો પૈસો કહેવાય છે, અને આવા વિત્તોપાર્જનથી ખરી શરીર શુદ્ધિ સચવાઇ શકતી નથી, અને અહિંસા ખરા સ્વરૂપમાં આવા માણસોથી પાળી શકાતી નથી. અપ્રમાણિકપણે ઉપાર્જન કરેલી લક્ષ્મી ગમે તેટલી ગમે તેવે સારે સ્થળે ખર્ચે તેના કરતાં પ્રમાણિકપણે ઉપાર્જેલી લક્ષ્મી બહુ ઓછા પ્રમાણમાં ખર્ચે તોપણ તેનું ફળ અનીતિવાળી લક્ષ્મીના વ્યય કરતાં ઘણું વધારે પ્રાપ્ત થાય છે. આ બાબતમાં ગુરૂનાનકનું એક દ્રષ્ટાંત બહુ ધ્યાન ખેંચનાર છે.

એક ગામમાં ગુરૂનાનક ફરતા ફરતા ગયા, તે દિવસે એક ગૃહસ્થ તરફથી ઘણા બાવા-સાધુ-સંતોને જમાડવામાં આવતા હતા. ફક્ત ઉપદેશ આપવાના ઇરાદાથી ગુરૂનાનક પણ ત્યાં જમવા નિમિત્તે ગયા. ગુરૂનાનક તે ગામમાં એક ગરીબ સુતારને ઘેર ઉતર્યા હતા. સૌ સાધુ વિગેરે જમવા બેઠા. ભોજનમાં ચુરમાના લાડુ બનાવવામાં આવ્યા હતા, તે સહુને પીરસવામાં આવ્યા, બીજી પણ તૈયાર કરેલી રસોઇ પીરસી દેવામાં આવી; સર્વેએ જમવાનું શરૂ કર્યું, એટલે તે જમાડનાર ગૃહસ્થ પંગતમાં ફરવા નીકળ્યો. ગુરૂનાનક પાસે આવતાં તેને જમતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દીઠા નહિ. તે ફક્ત એમના એમ તે વસ્તુને હાથ અડાડ્યા વગર બેઠા હતા, તેથી કદાચ આ સાધુ આંખે નહીં દેખતા હોય તેમ ધારી તે ગૃહસ્થે તેમને કહ્યું, "મહારાજ, જમો. બધું પીરસાઇ ગયું છે, અને સર્વ સાધુઓ જમવા મંડી ગયા છે; તેનો અવાજ પણ શું તમારે કાને નથી આવતો, માટે જલદી શરૂ કરો." તોપણ ગુરૂનાનકે જમવાનો આદર કર્યો નહિ, ત્યારે તેણે કહ્યું કે "તમારા નશીબમાંજ રોટલા લાગે છે, લાડવા તમારા નશીબમાં શેના હોય?" ગુરૂનાનકે તરતજ પ્રત્યુત્તર આપ્યો-"બેટા, ખરા પરસેવાથી પેદા કરેલ લક્ષ્મીથી બનાવવામાં આવેલ રોટલાજ ઉપયોગી અને શરીરને આરોગ્યદાયી છે. છેતરપીંડી-દગા ફટકાથી ઉપાર્જન કરેલ લક્ષ્મીથી બનાવવામાં આવેલ લાડવા કાંઇપણ કામના નથી, તે તો શરીરને હાનિ કરે છે, અને સાત્ત્વિક ગુણોનો નાશ કરે છે." ગૃહસ્થે પૂછ્યું કે 'આ લક્ષ્મી અનીતિથી ઉપાર્જન કરેલી કેમ કહો છો?' ત્યારે તે વાતની સાબીતી કરવા ગુરૂનાનકે તે જ્યાં ઉતર્યા હતા તે સુતારને ઘેરથી રોટલો મંગાવ્યો. એક હાથમાં તે રોટલો અને બીજા હાથમાં લાડવો રાખીને તેના ઉપર જોરથી મુઠી દાબતાંજ રોટલાવાળી મુઠીમાંથી દુધની અને લાડવાવાળી મુઠીમાંથી લોહીની ધાર થઇ. સર્વ જોનારાઓ તો આ અપૂર્વ વૃત્તાંત દેખી આશ્ચર્ય ચકીત થઇ ગયાં. આવી રીતે જેમાંથી લોહી વરસે તેવા કઢારા વિગેરેથી, છેતરપીંડીથી, વિશ્વાસુને છેતરવાથી, જૂઠું બોલવાથી જે ધન સંચય કર્યો હોય તેના ઉપયોગથી શરીર શુદ્ધિ સાચવી શકાતી નથી. શરીરથી થતી હિંસા અટકાવવા માટે-તે હિંસાના કાર્યમાં હથિયારરૂપ ન બને તે માટે અર્થ શુદ્ધિની પહેલી જરૂર છે.

આ પ્રમાણે શરીર શુદ્ધિ અર્થે કેવા કેવા નિયમો સાચવવાના છે તે તપાસ્યા પછી વચનશુદ્ધિ કેવી રીતે કરવી તે માટે વિચાર કરીશું. તે માટે શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કેઃ—

अनुद्वेगकरं वाक्यं, सत्यं प्रियं हितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव, वाङ्मयं तप उच्यते ॥

"વચન શુદ્ધિને અર્થે કોઇને પણ ઉદ્વેગ કરનાર ન હોય તેવું, પ્રિય, અને હિત કરનારૂં તથા સત્ય હોય તેવું વચન બોલવું અને સ્વાધ્યાય તથા અભ્યાસ કરવો, તે વાણીનો તપ કહેવાય છે." કોઇને પણ ઉદ્વેગ ઉપજાવે તેવું પણ સત્ય વચવ બોલવું નહિ, વળી સત્ય વચન બોલતાં કોઇને નુકશાન થાય, કોઇનું અહિત થાય તેવું બોલવું નહિ, અને સત્ય વાક્યજ બોલવાં. બોલતી વખતે આ ત્રણ બાબત બહુ સાચવવાની છે. વચન બહાર નીકળ્યા પછી પાછું પેસી શકતું નથી, તેથી વચનોચ્ચારમાં બહુ પરિમિત-નિયમિત થવાનું ધ્યાનમાં રાખવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. જીભ પણ તરવારનું કામ કરી શકે છે. જીભથી કરેલા કડવા-ઉદ્વેગ કરના વાક્યોચ્ચારથી ઘણા મનુષ્યોનાં મન ખેદાય છે, તથા ઘણી વખત જીવન પ કષ્ટમાં આવી પડે તેવો પ્રસંગ બની જાય છે, માટે સત્યજ બોલવું. જૂઠું બોલવુંજ નહિ, તેવું બોલવામાં પણ પ્રિય-સર્વને વહાલું લાગે તેવું-આન ઉપજાવે તેવું અને હિતકર-જેને માટે બોલાતું હોય તેનું હિત કરનારૂં હોય તે બોલવું. વળી અવકાશનો વખત નકામી કુથલી કરવામાં, પારકી પંચાત કરવામ ખોટી ઠંડ્રાસો મારવામાં, ગપાટા મારવામાં, કે પ્રમાદ સેવવામાં ન ગુમાવતાં ધર્મ ગુરૂઓના અને અન્ય વિદ્વાનોના લખેલા ગ્રંથો-પુસ્તકો વાંચવામાં, તેનો અભ્યાઃ કરવામાં, તેનું મનન, નિદિધ્યાસન કરવામાં, તે પુસ્તકો ઉપર ચર્ચા કરવામાં ગાળવો આ પ્રમાણે સત્ય-પ્રિય-હિતકર વચન બોલનાર અને સ્વાધ્યાય-અભ્યાસમાં કાળ પસાર કરનાર વચન શુદ્ધિ બરોબર પાળી શકે છે.

મનઃશુદ્ધિ માટે મનને આડું અવળું ભટકવા ન દેવું. તેને એકાગ્ર રાખવુ ખાસ જરૂરનું છે. મનની એકાગ્રતા રાખનાર-મનને સ્થિર રાખનારજ ખરો મુનિ છે. મનની સ્થિરતા રાખવી બહુ મુશ્કેલ છે. ઘણા કાળથી મનને ભટકવાની ટેવ પડી ગઈ હોય છે. કોઈ પણ બાબતમાં શાંત ચિત્તે વિચાર કરવા બેસો અને મનની સ્થિતિ તપાસો તો તે આડું અવળું કાંઈ ભટકતુંજ હશે-અનેક તરંગો તેમાં ઉપજતા હશે-અનેક વિચારો ફેરવાયા કરતા હશે. એકજ ધારેલ ધારણા ઉપર મનને સ્થિર કરવા માટે તેવા અભ્યાસની જરૂર છે, અને બરોબર લક્ષ રાખવાથીજ તે બની શકે છે. **मन एव मनुष्याणाम्, कारणं बंधमोक्षयोः**- આ સિદ્ધાંત મનની બાબતમાં ખરેખર ઉપયોગી છે. એકાગ્ર-સ્થિર રહીને મન જો સ્વપરહિતના-લોકહિતના-સ્વદેશ સેવાના વિચારોમાં મગ્ન રહે-તેમાં લીન થાય તો આત્મવિકાસ કરી શકાય છે, અને મોક્ષનાં દ્વાર ખુલ્લે છે; અને તેજ મન જો પરને હેરાન કરવામાં, દુઃખ દેવામાં, અનિષ્ટ ચિંતવવામાં પ્રવર્તે તો તે બંધ-પાપનાં બંધનું કારણ થવાથી નર્કનાં દ્વાર તરફ દોરી જાય છે. માટેજ મનને સ્થિર રાખી તેને લોકહિતનાં કાર્યમાંજ વાપરવાથી મનઃ શુદ્ધિ સાચવી શકાય છે-પ્રાપ્ત કરી શકાય છે. આ પ્રમાણે અહિંસાના હથિયારરૂપ શરીર, વાણી અને મનની શુદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરવી તે આપણે જોયું.

આ પ્રમાણે નાના મોટા કોઇ પણ પ્રાણીનો વધ કર્યા વગર તથા તેને ત્રાસ ઉપજે તેવું વર્તન કર્યા વગર, હિંસાના વ્યાપારમાં પ્રવર્તતા મનુષ્યોના બાળકને કેળવણી મળે તથા તેની હિંસક વૃત્તિ દૂર થાય તે પ્રમાણે આપણા દ્રવ્યનો વ્યય કરી સામાન્ય હિંસાને ટાળવી; પોતાનાં પુત્ર પુત્રીને બાળ લગ્નથી જોડવા નહિ, તેઓમાં પ્રેમ વધે-તેમનું જીવન સુખે નિર્વાહે તેવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંસારિક પ્રવૃત્તિ કરવી, કન્યાવિક્રય કરવો નહિ, વૃદ્ધ લગ્ન કરવાં નહિ, પોતાની અર્ધાંગનાને યોગ્ય પ્રકારની છુટ આપી સંસારમાં તેની કિંમત હલકી ગણવામાં આવે છે તેમ ન ગણતાં વધારે કિંમતી ગણવી તથા નોકર ચાકરને યોગ્ય પગાર આપી તેનું પ્રમાણિકપણું સચવાવવું તથા કઠોરો-વિશ્વાસઘાત-છેતરપીંડીથી ખેડુતો-તથા ગ્રાહકોને દુભાવવા નહિ, આ પ્રમાણે વર્તી સામાજિકહિંસા તજવી, વળી વિશ્વવિદ્યાલયમાં અનુભવ લેવા ઉત્પન્ન થયેલા સર્વ પ્રાણી બંધુઓ છે તેવા ખ્યાલપૂર્વક ભ્રાતૃભાવ ફેલાવવો અને આપણા ધર્મની નિંદાથી જેમ આપણું દિલ દુભાય તેમ અન્યનું તેના ધર્મ ઉપર આક્ષેપો કરવાથી દીલ દુભાયજ તેમ સમજી કોઈ પણ ધર્મની નિંદાથી દૂર રહેવું તેમ કરી ધાર્મિક હિંસા નિવારવી. તથા પરભાવ રમણતા દૂર કરી, સાચું પ્રતિક્રમણ કરી, આખા દિવસમાં કરેલ કાર્યનો હિસાબ સાંજરે ગણી, અશુદ્ધ વર્તનથી દૂર રહી, આત્મ રમણતા શીખી, આત્મિક હિંસા વર્જવી; દેવગુરૂને નમન, વડીલને માન, સરખા પ્રત્યે પ્રેમ અને નાનાઓ પ્રત્યે દયા કરીને, કામક્રોધાદિને નિવારીને, બ્રહ્મચર્ય પાળીને અને ખાસ કરીને નીતિથી ધન પ્રાપ્ત કરવાવડે અર્થ શુદ્ધિ કરીને શરીરથી, પ્રિય હિતકર-સત્ય વચન બોલી અભ્યાસમાં અવકાશનો કાળ ગાળી વાણીથી, તથા આડા-અવળા ભટકતા મન ઉપર કાબુ રાખી તેની એકાગ્રતા સાચવી લોકહિતનાં-પરહિતનાં કાર્ય માટે મનનો ઉપયોગ કરી મનથી, જે બંધુઓ અહિંસા આચરશે તે " અહિંસા પરમો ધર્મઃ "નો મુખ્ય મનનીય-ઉત્કૃષ્ટ વિશાળ સિદ્ધાંત અનુભવમાં ખરેખર મૂકી શકશે અને તેના ફળરૂપે તે પરમ ઉત્કૃષ્ટ સ્થાન સત્વર પ્રાપ્ત કરી શકશે.[૨] તથાસ્તુ. તા. ૬-૬-૧૯૧૫

કાપડીયા નેમચંદ ગીરધરલાલ.

---

૧ આ એક સ્વતંત્ર લેખ છે. તેમાં બતાવેલા હિંસાના પ્રકારો શાસ્ત્રોક્ત નથી પણ બુદ્ધિપૂર્વક કલ્પેલા છે. બાકી સ્વદયા ને પરદયા અને આત્મહિંસા ને પરહિંસા એવી રીતના બે બે પ્રકારમાં આનો સમાસ થઈ જાય છે અને તે પ્રકાર શાસ્ત્રોક્ત છે. છેવટે બતાવેલ આત્મિક હિંસાનો પ્રકાર તે સ્વહિંસા છે અને તેનું નિવારણ તેજ સ્વદયા છે. જે સ્વદયા પાળે છે તેજ પરદયા પાળી શકે છે અને પરહિંસાનું નિવારણ સ્વદયા માટેજ છે. જેણે પોતાના આત્માનું સર્વથા હિત કર્યું તેણે આખા જગતનું હિત કર્યું. તે મનુષ્ય કોઈપણ જીવનું અહિત કરનાર હોયજ નહિ. ખરો અહિંસક તેનેજ ગણવા યોગ્ય છે. આટલું આ લેખનું ખાસ રહસ્ય છે. તંત્રી.

૨ શ્રી જૈનધર્મ પ્રબોધક સભાની ભાષણશ્રેણિમાં સુપ્રસિદ્ધ ઉપદેશક રા. રા. સુરજીદાસ કાળીદાસે આપેલ મુખ ભાષણને આધારે આ લેખ લખવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

गुंजा सुवर्ण संवाद.

એક વખતે મોટા ઝવેરીના હાથથી થતી પરીક્ષાથી મગરૂર થઇ માણિક્યે કસોટી પાષાણપર પરીક્ષા કરાતા સુવર્ણને જોઇ ખેદપૂર્વક તેને આ પ્રમાણે કહ્યું:–

" हे हेम किं न गलितं, तत्रैव दहनोदरे ।
पाषाणशकलाधीनो, यद्गुणग्रामनिर्णयः ॥

" હે હેમ ! તું ત્યાં અગ્નિના મધ્ય ભાગમાં કેમ ગળીજ ન ગયું ? કે જેથી તારા ગુણોની પરીક્ષાનો નિર્ણય એક પાષાણના કટકાપર થવાનો વખત આવ્યો." આ પ્રકારની માણિક્યની ખેદયુક્ત વાણી સાંભળીને સુવર્ણે કહ્યું:–" હે માણિક્ય ! પાષાણના કટકાપર મારા ગુણોની પરીક્ષા થાય છે, તેથી મને કોઇ જાતનો અફસોસ નથી, કારણકે તે તો કાળનો મહિમા છે. પણ હે દક્ષ ! હું જે પરિતાપથી પરિતપ્ત થાઉં છું, તેનું કારણ તો નિરાળું છે." આ પ્રમાણે સાંભળી માણિક્યને વધારે જિજ્ઞાસા થવાથી તેણે સુવર્ણને તે કારણ પૂછ્યું, એટલે તેણે પોતાના સંતાપનું કારણ આ પ્રમાણે જણાવ્યું:–

" टंकच्छेदे न मे दुःखं, न दाहे न च घर्षणे ।
एतदेव महद्दुःखं, गुंजया सह तोलनम् " ॥१॥

" હે માણિક્ય ! ટાંકણાથી મારૂં છેદન થાય છે, તેથી મને ખેદ નથી, ધગધગતા અગ્નિમાં મને હોમી દે છે, તેનો પણ મને સંતાપ નથી અને પાષાણના કટકાપર મારૂં ઘર્ષણ કરે છે, તેનો પણ મને પરિતાપ નથી; પરંતુ મને મોટું દુઃખ તો એ છે કે મને ચણોઠી સાથે તોળે છે." આ સાંભળી પાસે બેઠેલી ચણોઠી બોલી:—

" रत्ती रूपे रुअडी, रत्ती माहरूं नाम ।
सोना सरिसी हुं तुलुं, मन मारे अभिमान " ॥१॥

" મારૂં રૂપ રાતું છે તેથી હું રમણીય દેખાઉં છું, વળી મારૂં નામ પણ રતિ છે અને સોના જેવી કિંમતી ચીજની તુલના વખતે હું ત્રાજવામાં આવીને બિરાજમાન થાઉં છું, તેથી મારૂં મન હમેશાં મગરૂર રહે છે." આવા કર્ણકટુક વચન સાંભળીને સુવર્ણે વિચાર્યું કે:–" આ ચણોઠીને ધિક્કાર છે ! એ વનમાં તો ઉછરીને મોટી થઇ છે અને વેચાય તો એક ખોટી કોડી પણ તેની મળે તેમ નથી, છતાં સુવર્ણકારોના હાથમાં માન પામતી હોવાથી આ બિચારી અભિમાનના ટોચપર ચઢી બેઠી છે. અથવા તો હલકટ વસ્તુ પોતાનો નીચ સ્વભાવ દર્શાવ્યા વિના રહેતીજ નથી." કહ્યું છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" गर्दभो हस्तिशालायां, लभते घृतभोजनम् ।
अतिसन्मानितो मूर्ख-स्तं गजं हंतुमिच्छति " ॥ १ ॥

" ગધેડાને રહેવાને હસ્તિશાળા મળે, સારૂં ખાવાનું મળે, અને અતિ સન્માન પામે તો તે મૂર્ખ ઉલટો હાથીને પણ મારવા તૈયાર થાય છે." આ પ્રમાણે મનમાં વિચારમાળા ફેરવ્યા પછી સુવર્ણે ચણોઠીને ખુલ્લી રીતે કહ્યું:—

" गुंजे ! गर्व मुधा माधा-तोल्येऽहं भवता सह ।
निर्गम्यतेऽनले स्नात्वा, प्रमाणं ज्ञायते तदा " ॥ १ ॥

" હે ચણોઠી ! મારી સાથે તું ત્રાજવામાં તોળાતી હોવાથી શા માટે ગર્વથી આટલો બધો ગુંજારવ કરે છે? જો મારી જેમ અગ્નિમાં સ્નાન કરીને બહાર નીકળ તો મારા સરખી (પ્રમાણ) ગણાય. કેમકે અગ્નિમાં સ્નાન કરીને બહાર આવ્યા સિવાય વસ્તુ પવિત્ર થતી નથી ને પ્રમાણ ગણાતી નથી." આ પ્રમાણે સાંભળીને ચણોઠી મનમાં ગર્વ લાવી જાગતા અગ્નિમાં પેઠી, તેથી મુખે દગ્ધ થઇને શ્યામમુખી થઈ ગઇ. પછી સુવર્ણે રોષ લાવીને પોતાને ચણોઠી સાથે તોલનારને આ પ્રમાણે કહ્યું કે—' હે ધીઠ ! હે દુષ્ટ ! હે પાપિષ્ટ ! દુષ્ટ મુખવાળાં ત્રાજવાં ! તને વધારે શું કહું ? આ ચણોઠી સાથે મને-સોનાને તોળતાં તું પાતાળમાં કેમ પેસી જતું નથી ? "

(આ સંવાદ અન્યોક્તિ રૂપે છે તેથી તે અપેક્ષાએ વિચારમાં લેવો.)

॥ इति गांगेयगुंजयोः संवादः ॥

दारिद्रय पद्मा-संवाद.

જગત્‌માં બહુધા એવું જોવામાં આવે છે કે જ્યાં લક્ષ્મીની લીલાલ્હેર હોય છે, ત્યાં થોડા દિવસ પછી દરિદ્રતાની ઝેરી હવા પ્રસરે છે અને જ્યાં દરિદ્રતાનો અંધકાર પ્રસર્યો હોય છે ત્યાં કેટલાક દિવસ પછી પદ્માના કલ્લોલ થતા જોવામાં આવે છે. એક ઠેકાણે કહ્યું છે કે:-" લક્ષ્મી માણસને પ્રથમ ઉચ્ચપદે સ્થાપીને પછી અદ્રશ્ય થઇ જાય છે અને દરિદ્રતાના શિખરપર જ્યારે માણસ જાય છે ત્યારે ત્યાંથી તેને શનૈઃ શનૈઃ ઉતરવું પડે છે. અર્થાત્ તેને સંપત્તિનો સમાગમ થાય છે." વળી એમ પણ કહેવાય છે કે:-" માણસને જેટલા પ્રમાણમાં સંપત્તિનો વારસો મળે છે તેટલા પ્રમાણમાં તેની સાથે અંતરપટમાં વિપત્તિનું વાદળું પણ રહેલુંજ હોય છે. કારણકે ચંદ્રમાને સંપૂર્ણ સંપત્તિ મળ્યા પછી એટલે સંપૂર્ણતા પ્રાપ્ત થયા પછી તે અતિશય ક્ષીણતાને પ્રાપ્ત થાય છે." માટે ઉદય પછી અસ્ત અને અસ્ત પછી ઉદયનો સામાન્ય કુદરતી કાયદો જગત્‌માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસ્ખલિત રીતે પ્રવર્તતો દેખાય છે. આ સંબંધમાં એક વખતે દારિદ્રય અને પદ્માનો સંવાદ થયો. તે આ પ્રમાણે:—

દારિદ્રે ઇર્ષ્યાપૂર્વક લક્ષ્મીને કહ્યું:–' હે રમા ! આપણા બંને વચ્ચે આટલી બધી અદેખાઇ શા માટે જોઇએ ? કારણ કે મારામાં અનેક ગુણો સાક્ષાત્ જોવામાં આવે છે, તે નીચેના શ્લોકપરથી બરાબર સમજી શકાશે:—

" चौरेभ्यो न भयं न दंडपतनं त्रासो न पृथ्वीपते–
निःशंकं शयनं निशि प्रगमनं दुर्गेषु मार्गेषु च ।
दारिद्रं बहुसौख्यकारि पुरुषा दुःखद्वयं स्यात्पर–
मायाताः स्वजनाः प्रयांति विमुखा मुंचंति मित्राण्यपि " ॥१॥

" હે જગન્નિવાસી પુરૂષો ! મારો જ્યાં નિવાસ હોય ત્યાં ચોર લોકોનો ભય મૂળથીજ જતો રહે છે, રાજ્યનો અપરાધ થતાં દંડ થવાનો ભય પણ મટી જાય છે, રાજાથી ત્રાસ પામવાનો સંભવ રહેતો નથી, નિશ્ચિંતપણે નિદ્રા આવે છે ગમે તેવા વિકટ માર્ગમાં અંધારી રાત્રે જવું હોય તો પણ નિર્ભય રીતે જઇ શકાય છે, માટે મારો આશ્રય કરવામાં આમ સાક્ષાત્ બહુ સુખ જોવામાં આવે છે; પણ માત્ર બેજ દુઃખ વેઠવા પડે છે. તે એ કે આવેલાં સગાં સંબંધીઓ વિમુખ થઇને પાછા ચાલ્યા જાય છે અને મિત્રો પલટાઇ જાય છે. અર્થાત્ છોડી દે છે." હે કમળે ! આટલા બધા ગુણો હોવાથી બે દોષ તેમાં કયાં દેખાય તેમ છે ? તારામાં છ ગુણો છે તે પણ દોષ જેવાજ છે અને બીજા પણ આ પ્રમાણે તારામાં દોષો સદાય જાગતા જોવામાં આવે છે:—

" निम्नं गच्छति निम्नगेव नितरां निद्रेव विष्कंभते–
चैतन्यं मदिरेव पुष्यति मदं धूम्येव दत्तेंधताम् ।
चापल्यं चपलेव चुंबति दवज्वालेव तृष्णां नय–
त्युल्लासं कुलटांगनेव कमला स्वैरं परिभ्राम्यति " ॥१॥

" હે કમલા ! તારો સ્વભાવ નદીની જેમ નીચે નીચે જવાનો છે, નિદ્રાની જેમ જ્ઞાનને નિરંતર આચ્છાદિત કરનારો છે, મદિરાની જેમ મદનું પોષણ કરનારો છે ધુમાડાની શ્રેણીની જેમ અંધતા આપનારો છે, વળી વીજળીની જેમ તારામાં ચપળતા ચમકી રહે છે, દાવાનળની જેમ તું તૃષ્ણાને અધિક અધિક વધારે છે અને કુલટા કામિનીની જેમ તું સ્વેચ્છાથી જ્યાં ત્યાં ભટકયા કરે છે."

આ પ્રમાણે દરિદ્રતાની મદમત્તા અને પોતાની લઘુતાનાં વિષમ વચનો સાંભળી લક્ષ્મી કહેવા લાગી:–' હે વરાક દારિદ્રય ! મારામાં ભલે ઘણા દોષો હોય, છતાં એક જગજ્જનને જીવાડવાનો ગુણ જો સોત્સુક–વિકસિત છે, તો તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દોષો બિચારા શું કરી શકવાના હતા ? કારણ કે સૂર્યે તપતાં તારાઓ કોણ જાણે ક્યાં છુપાઈ જાય છે. વળી કહ્યું છે કે—" ઊંટના શરીરનો આકાર કેટાળ હોય છે અને તેનો સ્વર તો કાનમાં આવે કે જ્વર ઉત્પન્ન કરે તેવો હોય છે, છતાં તેણે પોતાની ઉતાવળી ગતિથી દોષશ્રેણીને દબાવી (આચ્છાદિત કરી) દીધી છે."

આ પ્રમાણે તેમનો વિવાદ વધી પડયો અને વસુધાતળપર તેનું સમાધાન ન થઈ શક્યું, એટલે તે બંને દેવેંદ્ર પાસે ગઈ; તેમને અચાનક ઉપસ્થિત થયેલી જોઈ શચીપતિએ સંવાદનું કારણ સમજી તેમને સભ્યતાપૂર્વક કહ્યું:-' અરે ! તમારા બંને વચ્ચે આ અનુચિત કલહ કેવો ? તમે તમારી અનુકૂળતા પ્રમાણે પોતપોતાની પસંદગીનું સ્થાન મારી પાસે માગી લ્યો, એટલે તે પ્રમાણે સ્થાનની અનુકૂળતા તમને કરી આપું."

આ પ્રમાણે પુરંદરની પ્રસન્નતા ભરેલી વાણી સાંભળી પદ્માએ પોતાનું યથેષ્ટ સ્થાન માગી લીધું:—

" गुरवो यत्र पूज्यंते, वित्तं यत्र नयार्जितम् ।
अदंतकलहो यत्र, तत्र शक्र वसाम्यहम् " ॥ १ ॥

" હે દેવેંદ્ર ! જ્યાં વડિલો નિરંતર આદર સત્કાર પામે છે, જ્યાં નીતિથી મેળવેલ વિત્ત છે અને જ્યાં કળહનું નામ નથી ત્યાં મારો વાસ છે, અર્થાત્ તેવા સ્થાનને માટે મારી માગણી છે." ત્યાર પછી દરિદ્રતાએ પણ પોતાને યથોચિત સ્થાન માગી લીધું:—

" द्यूतपोषी निजद्वेषी, धातुवादी सदालसः ।
आयव्ययस्य नालोची, यस्तद्गृहे वसाम्यहम् " ॥ १ ॥

" હે સ્વર્ગપતિ ! જ્યાં જુગારનું પોષણ થતું હોય, સ્વસંબંધીઓમાં પરસ્પર દ્વેષ ચાલતો હોય, જ્યાં ધાતુવાદીપણું (કિમીયાગરપણું) થતું હોય, આલસ્ય નિરંતર જ્યાં મોજુદ હોય અને આવકજાવકનો જ્યાં હિસાબજ ન હોય—વિચાર ન હોય, તેવા સ્થાનમાં મારો વાસ હોવો જોઇએ. તેવી મારી માગણી છે."

આ પ્રમાણે બંનેનો અભિપ્રાય લીધા પછી ઇંદ્રે તેમને યથેચ્છિત સ્થાન સોંપી દીધું, એટલે તે બંને ત્યાંથી સ્વસ્વેપ્સિત સ્થાને ચાલ્યા ગયા.

॥ इति दारिद्र्यपद्मयोः संवादः ॥

For Private And Personal Use Only

જૈનશાળા શિક્ષણક્રમ.

સર્વ વિદ્વાન્ મુનિરાજો તથા સાક્ષર શ્રાવક બંધુઓને વિનંતિ કરવામાં આવે છે કે હાલની જૈનશાળાઓના સર્વ સંયોગો ધ્યાનમાં લઇ, દરેક શાળાઓમાં એક સરખી રીતે ચલાવી શકાય તેવો એક અભ્યાસક્રમ આ નીચે આપવામાં આવ્યો છે તો તે સંબંધમાં આપ સર્વે પોત પોતાના અભિપ્રાય તથા સુધારાવધારા બનતી ત્વરાએ લખી મોકલવા કૃપા કરશો કે જેના ઉપરથી એક સર્વમાન્ય શિક્ષણ ક્રમ તૈયાર થઈ શકે.

જૈનશાળોપયોગી શિક્ષણ ક્રમ તથા તે સંબંધી કેટલીએક સૂચનાઓ.

૧ ધાર્મિક અભ્યાસ શરૂ કરનારને આરંભમાંજ ૨૪ તીર્થંકરનાં તથા નવ પદનાં નામ શિખવવાં.

૨. સામાયિકનાં સૂત્રો પૂરાં થાય એટલે પ્રભુ દર્શન કરતી વખતે બોલવા યોગ્ય દુહા શિખવવા જે નીચે લખ્યા છે.

૧ પ્રભુ દરિશન સુખ સંપદા૦	૨ ભાવે ભાવના ભાવીએ૦
૩ જીવડા જિનવર પૂજીએ૦	૪ ફૂલાં કેરા બાગમાં૦
૫ ત્રિભુવનનાયક તું ધણી૦	૬ આજ મનોરથ સવિ ફળ્યા૦

૩. ચૈત્યવંદનનાં સૂત્રો પૂરાં થાય એટલે તેની વિધિ શિખવવી.

૪. બે પ્રતિક્રમણ પૂરાં થાય એટલે ગુરૂવંદન તથા સામાયિક લેવા—પારવાની વિધિ શિખવવી.

૫. તે પછી શરૂઆતથી પ્રતિક્રમણના અર્થ ચલાવવા. આ માટે અઠવાડીયામાં ત્રણ દિવસ રાખવા.

૬ સકલાર્હત્ શિખવતી વખતે કયા શ્લોકથી કયા ભગવાનની સ્તુતિ થાય છે તે બતાવવું.

૭ પ્રતિક્રમણનાં સૂત્રો શિખવતી વખતે શરૂઆતથી પૂર્ણતા સુધી દરેક સૂત્રોનાં સંક્ષિપ્ત ભાવાર્થો ચલાવવા.

૮ પંચ પ્રતિક્રમણ પૂર્ણ થયા બાદ, વય નાની હોય તો સ્મરણો શિખવવાં, નહિતર નીચે મુજબ પ્રભુ સ્તુતિ કરી શકાય તેવા શ્લોકો શિખવવા.

૧ તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિ હરાય નાથ૦
૨ અદ્યાભવત્ સફલતા નયન દ્વયસ્ય૦
૩ પૂર્ણાનંદમયં મહોદયમયં કૈવલ્યચિદ્દૃઙ્મયં૦
૪ પ્રશમરસ નિમગ્નં, દૃષ્ટિ યુગ્મં પ્રસન્નં૦
૫ જિને ભક્તિર્જિને ભક્તિ:૦ ૬ પાતાલે યાનિ બિંબાનિ૦
૭ શ્રેયાનંદકરી હરેન્દ્રમહિતસ્તરી શ્રેયસ્તરોર્મંજરી૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮ કિં કર્પૂરમયં સુધારસમયં, કિંચંદ્રરોચિર્મયં૦

૯ દીનોદ્ધાર ધુરંધરસ્ત્વદપરો નાસ્તે મદન્યઃ કૃપા૦

૧૦ યદ્યસ્તિ નાથ ભવદંઘ્રિસરોરૂહાણાં૦

૯. આ શિખવ્યા બાદ દૈવસિક તથા રાઇ પ્રતિક્રમણની વિધિ શિખવવી.

૧૦. તે પછી ૩૫ બોલ અર્થ સાથે શિખવવા.

૧૧. તે પછી પાક્ષિકાદિ પ્રતિક્રમણની વિધિ શિખવવી.

૧૨. તે પછી જીવવિચાર તથા નવતત્ત્વ ચલાવવા; તેમાં પ્રથમ મૂળ પાઠ ચલાવ્યા બાદ અર્થ શિખવવા.

૧૩. વિધિઓની દૃઢતા તથા સંગીનતા માટે મહીનામાં પાંચ તિથિ પ્રતિક્રમણ કરાવવું. તે દિવસે વિધિ સંબંધી (કેમ બેસવું, કેમ ઉઠવું, કેમ ઉભા રહેવું, કેમ વાંદણાં દેવાં, કેમ મુહપત્તિ પડિલેહવી, વિગેરે) ઉપયોગી હકીકતો તથા તેના સામાન્ય હેતુઓ સમજાવવા.

૧૪. તે પછી ખાસ કરી બાઇઓમાં તથા કન્યાઓમાં સંસ્કૃત બે બુકો ચલાવવી. એ જ્ઞાનથી ભાષાશુદ્ધિ થાય છે, મગજ કેળવાય છે, પ્રકરણો શિખવાં સહેલાં પડે છે, વ્યાખ્યાન તથા ભાષણ સમજવું સુગમ પડે છે, અને પુસ્તકો તથા લેખો વાંચવામાં સરળતા પ્રાપ્ત થાય છે. એ આદિ બહુ લાભ થાય છે.

૧૫. સંસ્કૃત અભ્યાસ ન કરી શકે તેવાઓને દંડક તથા કર્મગ્રંથાદિ પ્રકરણો ચલાવવા. (પ્રથમ મૂળ-પછી અર્થ.)

૧૬. પ્રકરણો સરળ સ્પષ્ટીકરણ સાથે ચલાવવાં. તેનું ગાથાનું પ્રમાણ અલ્પ રાખવું પણ તેના ઉપર વિવેચન વિશેષ શિખવવું. સ્પષ્ટીકરણો નોટ બંધાવી તેમાં ઉતરાવવાં અને એ પ્રમાણે દૃઢ કરાવવા તરફ લક્ષ્ય આપવું. કેટલું (Quantity) શિખ્યા એ તરફ લક્ષ્ય આપવા કરતાં કેવું (Quality) શિખ્યા એ તરફ ખાસ ધ્યાન આપવું.

૧૭. પ્રતિક્રમણ કે પ્રકરણોના અર્થ તથા સંસ્કૃત શિક્ષણ આપતી વખતે વિદ્યાર્થીઓની વય, ગ્રહણશક્તિ, સ્મરણશક્તિ અને વ્યવહારિક જ્ઞાન વિગેરે શિક્ષકોએ ખાસ કરી તપાસવાં અને તે અનુસાર તેઓનો તેમાં પ્રવેશ કરાવવો અને શિક્ષણ આપવું.

૧૮. મૂળપાઠ, અર્થ તથા વિધિ વિગેરે શિખવા માટે શિખનારાએ આકર્ષાય તદર્થે ઇનામના નિયમો ગોઠવવા.

૧૯. અભ્યાસીઓ ઉપર વ્યાવહારિક શિક્ષણનો બોજો, તેઓની હાજરીની અનિયમિતતા, તથા તેઓની શાળામાં સ્થિતિ-એ આદિ બાબતો વિચારતાં તેઓને એક દિવસમાં એકજ વિષય ચલાવવો એ સલાહકારક જણાય છે.

૨૦. પુનરાવર્તન અર્થે વિદ્યાર્થીઓને નિરંતર અમુક અમુક સૂત્રો અથવા તેઓના અર્થ કે પ્રકરણોના અર્થની અમુક અમુક ગાથાઓ તૈયાર કરી લાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેવું અને તે લેતી વખતે તેમાંથી બુદ્ધિપૂર્વક કેટલાએક પ્રશ્નો પૂછવા. તે વખતે અમુક પદ કયા સૂત્રમાં છે તે પૂછવું તથા પ્રકરણો બાબત પ્રશ્નો પૂછતી વખતે અમુક ભેદ કઈ ગાથામાં છે તે પણ પૂછવું. એ પ્રમાણે કર્યા બાદ પાછલો પાઠ કાચો જણાય તેવાઓને બીજે દિવસે નવો પાઠ ન આપતાં તેજ પાઠ પાકો કરાવવો,

૨૧. ત્રણે પ્રકારના અભ્યાસીઓ શિક્ષણ લેવા આવતાં તથા લેતાં ત્રાસ તથા કંટાળો ન પામે તે માટે શિક્ષકે વાત્સલ્ય-પ્રેમભાવનો ખાસ ઉપયોગ કરવો, કંટાળવું નહિ અને મનની સમતોલ સ્થિતિ-શાંતતા ગુમાવવી નહિ. આ બાબત તરફ ખાસ લક્ષ્ય ખેંચવામાં આવે છે.

૨૨. વિદ્યાર્થીઓ પાઠ ઘેરથી કરીને આવે તથા વખતસર શાળાએ હાજર થાય તેવી પદ્ધતિ પડાવવી તથા તેઓના પાઠ જેમ બને તેમ સરખા કરી દેવા. તેમ કરવાથી થોડા વખતમાં ઘણું શિખવી શકાશે.

૨૩ એ પ્રમાણે કરતાં વખત બચાવી વખતના પ્રમાણમાં એક અતિ ઉપયોગી અને આવશ્યક શિક્ષણ કે જે શાળા સ્થાપનના ખાસ ઉદ્દેશ તથા અંતિમ ફળરૂપે છે તે આપવું. તે ઉપર કાંઈક વિસ્તારથી વિવેચન કરવું યોગ્ય ધારવામાં આવ્યું છે. પ્રતિક્રમણ કે પ્રકરણાદિ ઘણું શિખ્યા હોય છતાં સદાચાર-પવિત્ર વર્તનમાં ખામી હોય તો તેવા વિદ્યાર્થીઓનું શિક્ષણ નિષ્ફળપ્રાય ગણાય છે. તેથી ધાર્મિક જ્ઞાન ભલે ઓછું અપાય પણ તે આપીને જે કરવું છે તે એ છે કે તેઓના ઉપર સારા સંસ્કાર પાડવા, એટલે કે તેઓનું નૈતિકબળ ખાસ કરીને વધારવું. તેઓમાં પ્રમાણિકપણું, સત્યભાષીપણું, પાપભીરૂતા, શ્રદ્ધા, વિનય, નમ્રતા, ક્ષમા, દયા, નિષ્કપટતા સરળતા તથા આત્મભોગ આદિ ગુણો પ્રકટ થાય તે માટે તેવા વિષયો ઉપર શિક્ષકે હમેશાં ઉપદેશ આપવો અથવા તેઓની સમક્ષ તેઓનું નૈતિકબળ સુધારનારાં પુસ્તકો તથા લેખો વાંચવા. વાંચતી વખતે પણ થોડું વાંચવું અને ઘણું સમજાવવું. આ કાર્યની શરૂઆત કરતાં પૂર્વના દિવસે જે વાંચ્યું હોય, જે સમજાવ્યું હોય તેમાંથી કેટલાએક પ્રશ્નો પૂછવા અને પછી વાંચન આગળ ચલાવવું. આ પ્રમાણે કરતી વખતે સાંભળનારાઓમાં રસ તથા જિજ્ઞાસાવાળી વૃત્તિ ઉત્પન્ન કરવી.

છોકરાઓ સમક્ષ વાંચવા માટે નીચે મુજબ પુસ્તકો ઉપયોગી ધાર્યાં છે. "નીતિશિક્ષણ (વડોદરાનું,) જૈન હિતબોધ, જૈન હિતોપદેશના ૩ ભાગો, સમકીત કૌમુદી ભાષાંતર તથા કુવલયમાળા ભાષાંતર" ઇત્યાદિ.

કન્યાઓ તથા બાઈઓ માટે "મલયાસુંદરી, રાજકુમારી સુદર્શના, સુંદરબ્હેન તથા પુત્રી શિક્ષા" આદિ પુસ્તકો ઉપયોગી ધાર્યાં છે.

આ ઉપરાંત ઉત્તમ કહેવતો તથા બોધદાયક વાકયોનાં બોર્ડો (પાટીયાઓ) બનાવી શાળામાં ભીંતે લટકાવવાં.

શ્રી જૈન, શ્રેયસ્કર મંડળ,

મહેસાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેમ્બરોને અમૂલ્ય લાભ.

આ સભાના સર્વે મેમ્બરોને ' શ્રીપાળ રાસ અર્થ રહસ્ય યુક્ત ' શ્રી સીયાંગામ નિવાસી શેઠ નેમચંદભાઇ પીતાંબરદાસની આર્થીક સહાયથી બહાર પડેલ છે, તેની એકેક નકલ આપવાનું તેમના સદ્વિચારને લઇને મુકરર કરવામાં આવ્યું છે. આ બુક વાંચતાં અત્યંત આલ્હાદ આપે તેવી છે. પાકા બાઈન્ડીંગથી બંધાવેલી છે. જે સભાસદોએ ચાલુ વર્ષની ફી મોકલેલી હોય તેમણે પોસ્ટેજના અર્ધી આના મોકલીને મંગાવી લેવી. બીજા મેમ્બરોને ફીની રકમ સાથે વેલ્યુ–પેબલથી મોકલવામાં આવશે.

આ સિવાય મેમ્બરોને બીજી એક બુક યુગાદિદેશના ભાષાંતરની પણ ભેટ મળવાની છે. તે છપાય છે. તૈયાર થયેથી બંને બુક ભેળી મોકલવામાં આવશે.

મેમ્બરોએ વેલ્યુ૦ પાછું ન ફેરવવાનું ધ્યાનમાં રાખવું.

अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

૧. તરતમાં બહાર પડવાના ગ્રંથો.

૧ શ્રી અધ્યાત્મસાર. પં. ગંભીરવિજયજી કૃત ટીકા યુક્ત.
૨ શ્રી અધ્યાત્મસાર મૂળ, મૂળ ને ટીકાના ભાષાંતર યુક્ત.

૨. છપાય છે.

૩ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી કૃત ટીકા યુક્ત.
૪ શ્રી ઉપદેશ સપ્તતિકા. સ્વોપજ્ઞ ટીકા યુક્ત.
૫ શ્રી કર્મગ્રંથ ઉપરની નોટ, સમજુતિ, બાસઠીઆ, યંત્રો વિગેરે.
૬ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૮–૯ (આવૃત્તિ ૨ જી.
૭ શ્રી શાંતિનાથ ચરિત્ર. સંસ્કૃત પદ્યબંધ.
૮ શ્રી યુગાદિદેશના ભાષાંતર.

૩. તરતમાં છપાવા શરૂ થશે.

૯ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૨ જો. (સ્થંભ ૭ થી ૧૨)
૧૦ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.

૪. નીચેના ગ્રંથો તૈયાર થાય છે.

૧૧ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩–૪. સ્થંભ ૧૩ થી ૨૪.
૧૨ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાનું ભાષાંતર.
૧૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. (ગુજરાતી ભાષામાં)
૧૪ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૫ શ્રી હીર સૌભાગ્ય કાવ્ય ભાષાંતર.
૧૬ શ્રી સપ્તતિકા ભાષ્ય સટિક. (છઠ્ઠા કર્મગ્રંથ ઉપરની બીજી ટીકા.)

બીજા પણ નાના નાના ચરિત્રોના ભાષાંતર જુદા જુદા ગૃહસ્થો તરફથી તૈયાર કરાવવામાં આવે છે. તેના નામો હવે પછી બહાર પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

૧. તરતમાં બહાર પડશે. (ફોટો ઓફીસ બાકી છે.)

૧ શ્રી જ્ઞાનસાર. ગ્રંથ મૂળ, પં. ગંભીરવિજયજી કૃત ટીકાયુક્ત.

૨ શ્રી અધ્યાત્મસાર ગ્રંથ મૂળ-મૂળ ને ટીકાના ભાષાંતર યુક્ત. (બુકાકારે)

(આ બન્ને ગ્રંથો શેઠ ત્રિભુવનદાસ ભાણજીની આર્થિક સહાયથી છપાયેલ છે.)

૨. હાલમાં છપાય છે.

૩ શ્રી કર્મપ્રકૃતિ ગ્રંથ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત મોટી ટીકાયુક્ત.

(બુહારીવાળા શા. ભીખાભાઈ સોભાગ્યચંદની સહાયથી)

૪ શ્રી ઉપદેશ સપ્તતિકા. ગ્રંથ. મોટી ટીકા યુક્ત.

(ગોઘા નિવાસી પરી. હેમચંદ અમરતલાલની સહાયથી)

૫ બંધ પૂર્વક કર્મગ્રંથાદિ વિચાર. (બુકાકારે)

(સાધ્વીજી લાભશ્રીજીના ઉપદેશથી શ્રાવિકા વર્ગની સહાયથી)

૬ શ્રી શાંતિનાથ ચરિત્ર. પદ્યબંધ. સંસ્કૃત

(શીહોરના શ્રીસંઘની આર્થિક સહાયથી)

૭ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૮-૯ (આવૃત્તિ ૨ જી.)

૮ શ્રી યુગાદિદેશના ભાષાંતર. **અમદાવાદ નિવાસી કેશવલાલ નથુભાઈ તથા માંગરોળ નિવાસી શેઠ માણેકચંદ વેલશીની આર્થિક સહાયથી**

૩. તરતમાં છપાવા શરૂ થશે.

૯ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. (સ્થંભ ૭ થી ૧૨)

(શેઠ હીરાલાલ બકોરદાસની સહાયથી)

૧૦ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર ભાષાંતર.

(શા. ચુનીલાલ સાંકળચંદ વિરમગામ નિવાસીની સહાયથી)

તૈયાર થાય છે.

૧૧ શ્રી સપ્તતિકા (છઠ્ઠો કર્મ ગ્રંથ) ની ભાષ્ય, ટીકા યુક્ત.

૧૨ શ્રી પ્રિયંકર ચરિત્ર ભાષાંતર (ઉપસર્ગહર સ્તોત્રના મહાત્મ્ય ઉપર)

૧૩ શ્રી કર્પૂરપ્રકર ગ્રંથ. મોટી ટીકા યુક્ત.

(શ્રી ઈડર નિવાસી મેતા. હીરાચંદ લક્ષ્મીચંદની સહાયથી)

૧૪ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. (સ્થંભ ૧૩ થી ૨૪)

૧૫ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાનું ભાષાંતર. (૨૦ હજાર શ્લોકનું)

૧૬ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. (ગુજરાતી ભાષામાં સ્વતંત્ર લેખ)

૧૭ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.

૧૮ શ્રી હીર સૌભાગ્ય મહાકાવ્ય ભાષાંતર.

તૈયાર થતા ગ્રંથો પૈકી નંબર ૧૩ શિવાયના તથા નં. ૧૧-૧૨ ગ્રંથો પોતાના તરફથી બહાર પાડવાની જે ગૃહસ્થને અભિલાષા થાય તેમણે અમને લખી જણાવવું.

For Private And Personal Use Only